
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પુ૦ ૩૦ મું.
શ્રાવણ.
અંક ૧ લો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૮
આત્મ સં. ૩૭
વિ. સં. ૧૯૮૮

મૂલ્ય રૂા. ૧) પો૦ ૪ આના.

आ.श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
ता. क.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ મંગળ-પ્રાર્થના. ... ... ... (સં. વેલચંદ ધનજી.) ... ૧
૨ નૂતન વર્ષનું મંગલમય વિધાન. ... ... (સભા.) ... ... ૩
૩ वर्षाकाल वर्णनम्. ... ... ...(અનેકાન્તી.) ... ... ૧૦
૪ નૂતનવર્ષાભિનંદન. ... ... (વિનયકાંત કાંતિલાલ મહેતા.) ... ૧૨
૫ સાવધ થા! ... ... ... ...( ,, ) ... ૧૩
૬ સાચી સ્વતંત્રતા.... ... ... ...(આત્મવલ્લભ.) ... ૧૪
૭ "વર્ષાઋતુનું આગમન."... (પ્રો. હીરાલાલ રસીકદાસ કાપડીયા. એમ. એ.) ૧૭
૮ ત્યાગનો મહિમા.... ... ... (વિઠ્ઠલદાસ મૂલચંદ શાહ.) ... ૧૯
૯ જૈન સમાજમાં કલેશ અને તેનું પરિણામ...મુનિ દર્શનવિજય મહારાજ... ૨૨
૧૦ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૨૪


## આ માસમાં થયેલા માનવંતા લાઇફ મેમ્બરો.

૧- શેઠ શામજીભાઇ દેવચંદ. મુંબઈ.
૨ શેઠ સુખસંપત્તરાય ભંડારી. ઇંદોર.

## અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું.

### મૂળ પ્રાકૃત-સંસ્કૃત.

૧ શ્રી વસુદેવ હિંડિ બીજો ભાગ. રૂ. ૩-૮-૦
૨ શ્રી બૃહતકલ્પ પ્રથમ ભાગ તૈયાર થવા આવેલ છે.

### ગુજરાતી ભાષાના ગ્રંથો. રૂ. આ. પા.

૩ શ્રીપ્રભાવકચરિત્ર (જૈન ઐતિહાસિક ગ્રંથ) ૨-૮-૦
૪ શ્રી પેથડકુમાર ચરિત્ર. ( ,, ) ૧-૦-૦
૫ શ્રી ધર્મ પરીક્ષા. ૧-૦-૦
૬ શ્રી સુરસુંદરી ચરિત્ર. છપાય છે.
૭ શ્રી મહાવીર ચરિત્ર. ,,

## સૂચના.

૧ પર્યુષણ અઠ્ઠાઇ વ્યાખ્યાન તથા ૨ પ્રશમરતિ બુક ભેટ આપવા માટે રહી નથી, માટે હવે કે.ઇએ મંગાવવી નહિ

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્ત્રી ઉપયોગી વાંચનમાળાની યોજના.

## અમારૂં સીરીઝ ગ્રંથમાળા ખાતું.

એક હજાર કે તેથી વિશેષ રકમ આપનાર જૈન બંધુઓ કે બ્હેનોના નામે ઉત્તરોત્તર અનેક ગ્રંથો પ્રકટ કરી જ્ઞાનોદ્ધાર યાને જ્ઞાનભક્તિનું કાર્ય, સભા, ( સાથે તે રકમ આપનાર પણ અનેક બંધુઓ તેનો લાભ લઇ ) કરી રહેલ છે સાથે અનેક સાહિત્ય ગ્રંથો પણ સભા પ્રગટ કરી રહેલ છે. આ સભાના લાઇફ મેમ્બરોને પણ વિશેષ વિશેષ અનેક સુંદર મ્હોટા ગ્રંથોનો ( કંઇપણ બદલો લીધા વગર ) લાભ મળી રહેલ છે, તે રીતે કોઇપણ સંસ્થા કરી શકેલ નથી જે સાહિત્યરસિક સર્વ બંધુઓ જાણે છે.

અત્યાર સુધી અનેક જૈન બંધુઓએ તેવી રકમ સભાને સુપ્રત કરી પોતાના નામથી ગ્રંથમાલા પ્રકટ કરાવી જ્ઞાનભક્તિ કરી રહેલ છે, તેનું શુભ અનુકરણ કરી હાલમાં **શ્રીમતી કસ્તુર બ્હેને** પણ એક રકમ તે માટે ( સ્ત્રી ઉપયોગી સીરીઝ પ્રગટ કરવા ) આ સભાને સુપ્રત કરેલ છે; તેમાંથી ઉત્તરોત્તર સ્ત્રી ઉપયોગી (સતી ચરિત્રો, સ્ત્રી ઉપયોગી વિષયોના ) ગ્રંથો પ્રકટ કરવાનું આ સભાએ શરૂ કરેલ છે. તેઓ બ્હેનની પ્રથમ ગ્રંથ સીરીઝ તરીકે **“ સતી સુરસુંદરી ચરિત્ર ”** ( જો કે પ્રસિદ્ધ લેખક સુશીલ પાસે લખાવી તૈયાર કરેલ) છપાવવો શરૂ કરેલ છે. ચરિત્ર ઘણું જ રસિક અને બોધદાયક છે. તેવી રીતે અન્ય બ્હેનોએ પણ જ્ઞાનની ભક્તિ અને ઉદ્ધાર કરી લાભ લેવાનો છે. સીરીઝના ધારા ધોરણ આ નીચે તથા આ અંકના પાછળના ભાગમાં સૂચિપત્ર સાથે છેલ્લે પાને છે. આ લાભ દરેક જૈન બંધુઓ અને બ્હેનોએ લેવા જેવો છે.

સ્વર્ગવાસી આપ્તજનોના સ્મરણાર્થે ને ભક્તિ સાથે જ્ઞાનની સેવા કરવાનું ને સ્મરણ સાચવવાનું પણ આ અમૂલ્ય સાધન છે. અમરનામ કરવાનું પણ સાધન છે.

કોઇ પણ સ્થળે પૂરતી ખાત્રી કર્યા સિવાય લખાણ કે બીજાથી લલચાઇને રકમ આપતાં પહેલાં અવશ્ય વિચારવાનું છે.

---

# શું તમારૂં નામ અમર કરવું છે ?

## ગ્રંથમાળાની યોજના.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે. જ્યારે મનુષ્યોને પરમાત્માએ જ્ઞાન અને બુદ્ધિ આપેલ હોવાથી તે પોતાના માટે અનેરો માર્ગ શોધી કાઢે છે. જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો નીચેની યોજના વાંચી, વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી તે અમૂલ્ય લાભ મેળવો.

### યોજના.

જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂા ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂા. ૧૦૦૦) સુધી સભાએ ખરચવા.

૪ જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ સાધ્વી મહારાજ વગેરેને આ સીરીઝના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨)

સદ્દ્જ્ઞાન [૪]આચ્છાદન કરે વ્રત-ચરણુ શુદ્ધિ ના ગમે;
એ મોહ જયથી ખ્યાતિ જગમાં, વીર એ નમીએ અમે.

(૩)

સર્વજ્ઞ ને વીતરાગ સાથે, ઇશ શાશ્વત સુખતણાં;
ઉચ્છેદી કર્મ સમસ્તએ યો-ગી પ્રવર [૫]નિષ્કર્મણા.

(૪)

છે પૂજ્ય સુર નર સર્વના ને, ધ્યેય યોગીના વળી;
સદ્દનીતિના સૃજનાર એ શ્રી-વીરને નમીએ મળી.

(૫)

વિધ વિધ સદ્દવ્રત સાથ સુંદર, શાસ્ત્રના રચનાર એ;
[૬]ત્રિકોટી દોષ રહિત [૭]શિવ પથ, સાર્થવાહ સમાન એ.

(૬)

[૮]આરાધના કરવા તણો ઉ-પાય આજ્ઞાભ્યાસમાં;
[૯]નિયમાત્ ફલ સહજે મળે [૧૦]વિ-ધાન શકિત પ્રમાણમાં.

(૭)

સુવૈદ્યના [૧૧]નિદાન પર વ્યા-ધિતણો ક્ષય સંભવે;
ત્યમ વીરના વચનો વડે ભવ-વારિધિ નિશ્ચય તરે.

(૮)

[૧૨]ધીમાન ને કૃતકૃત્ય સાથે, શાન્તિપોષક સર્વદા;
નિશદિન સમ્યગ્ ભકિતથી શ્રી-વીરને નમીએ [૧૩]મુદા.

**સાધન યોગ—**

(દોહરા)

(૧)

" સાધક સાધ્ય સ્વરૂપને, સાધન દ્વારા ભ્રાત !
સક્રિય મેલવણીવડે, પ્રકટાવે નિયમાત્."

(૨)

અભ્યુદય નિજ આત્મનો, સંત સમાગમ [૧૪]પાથ;
આત્માનંદ કરાવશે, શાસ્ત્ર સમર્થન સાથ.

(વેલચંદ ધનજી)

---

૪ ઢાંકે-દાબી દે. ૫ સુધારનારા. ૬ કષ, છેદ અને તાપ. ૭ મોક્ષ.
૮ ઉપાસના-સેવના-પૂજના. ૯ નિશ્ચય-ચોક્કસ. ૧૦ ક્રિયા. ૧૧ નિર્ણય.
૧૨ બુદ્ધિશાળી. ૧૩ આનંદ. ૧૪ રસ્તો. વે૦ ધ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

# नूतन वर्षनुं मंगलमय विधान.

## પ્રકાશનો પ્રવેશ.

જે સમયે ભારતવર્ષની જનતાનું જીવન સ્વરાજ્યની ભાવનામાં ઓતપ્રોત થયેલું છે, અહિંસા, સત્ય અને **સ્વાતંત્ર્યના** આદર્શવ્યકિત મહાપુરૂષો **ગાંધીજી** અને **જવાહીરલાલજી** વિગેરે અનેક કર્મવીરો સ્વતંત્ર ભારતની ઉષાના પુનિત દર્શન કરવા જેલને મહેલ માની નીડરપણે અનેક યાતનાઓ સહી રહ્યા છે, વિજ્ઞાનના વિકાસની સાથે જૈન સિદ્ધાંતોનું સામ્ય અદ્દભુતપણે થઈ રહ્યું છે, જે અહિંસા અને સંયમ દૂર-દૂરના અસાધ્ય લક્ષ્યબિંદુ ( Stand Point ) જેવાં લાગતા તેને આજે શકિત અને સંયોગોના પ્રમાણમાં જીવનમાં ઉતારવાના પ્રયોગો થઈ રહ્યા છે, अहिंसा परमो धर्मः વિગેરે જૈન સિદ્ધાંતોને અનુકૂળ એવી કોઈ મોટી ભરતી આવવાની હોય અને પરિભાષાના થોડા ફેરફાર સાથે અહિંસા, સંયમ અને તપનો પ્રભાવ પ્રકટવાનો હોય તેવાં સ્પષ્ટ ચિન્હો દેખાઇ રહ્યાં છે, પાશ્ચાત્ય જગતને ભારતવર્ષના અધ્યાત્મવાદના એ ઓજસ્‌ની ( Spiritual Power ) પ્રતીતિ દીનબંધુ **ઍંડ્રુસ** અને ફાધર **એલ્વીન** જેવા આંગ્લઋષિઓ કરાવી રહ્યા છે, જૈન જગત્‌માં **પ્રાચીન આચાર્યોએ** વારસામાં આપેલી **અમૂલ્ય ગ્રંથ સમૃદ્ધિ** પ્રકાશિત થતાં વિશ્વ ચકિત થઇ રહ્યું છે અને સામાન્ય રીતે **જ્ઞાન** કરતાં **ચારિત્રની** ( Character ) ભૂમિકા શ્રેષ્ઠતર છે એ સિદ્ધાંતનો પ્રયોગ જગન્માન્ય થતો જાય છે તે મંગળ સમયે સ્વર્ગવાસી શ્રીમાન્ પૂજ્યપાદ **વિજયાનંદ-સૂરિજીના** સૂક્ષ્મદેહની શીતળ છાયા નીચે વૃદ્ધિ પામતું અને આધ્યાત્મિક જ્યોતિના ઉજ્જવલ કિરણો ફેલાવતું **આત્માનંદ પ્રકાશ** માસિક ત્રીશમા વર્ષમાં પ્રવેશ કરે છે.

## સ્વગત પ્રશ્ન.

ત્રીશ વર્ષની ઉમ્મરે યુવાવસ્થાના કાળનો અનુભવ કરતું અને તેને ઉચિત ચેષ્ટા કરતું પ્રસ્તુત આત્માનંદ પ્રકાશ સ્વગત પ્રશ્ન ( Self Introspection ) કરે છે કે-જગત્‌માં ધાર્મિક આત્માઓ પોતાની યુવાવસ્થામાં મળેલા ઉત્સાહ અને વીર્યનો સદુપયોગ જો ધર્મ-માર્ગમાં નહિં કરે તો વૃદ્ધાવસ્થામાં પશ્ચાત્તાપ સિવાય અન્ય કાંઇ પણ વસ્તુ તેમને માટે અવશેષ નહિં રહે, તેમ-અત્યારે મારી યુવાવસ્થા ચાલુ થઇ ગયેલી છે તો બની શકે તેટલા ઉત્સાહથી મારા વાંચકોને નક્કર-તાત્ત્વિક વાંચન આપવું એ મારૂં કર્ત્તવ્ય છે; અને તે ગત વર્ષમાં મારાથી બની શકયું તેટલું પારમાર્થિક આવશ્યકતા તરીકે આપેલ છે કે કેમ ? ઉત્તર 'હા' કારમાં આવે છે એટલે સંતોષ થાય છે. પરંતુ યુવાવસ્થાના ઉછળતા વેગની માફક અધિકાધિક ઉત્સાહનો તનમનાટ થતાં ભવિષ્યમાં વધારે સુંદર લેખસમૃદ્ધિ સમર્પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાની અભિલાષાનો ( Noble Aspiration ) અસંતોષ પણ સાથે જ પ્રકટેલો છે કે જે કાર્યસિદ્ધિ પછી જ સંતોષના રૂપમાં પલટાઇ જશે.

**સંજ્ઞાનો ઉપનય.**

**ત્રીશ**ની સંજ્ઞા શ્રી **સમવાયાંગ** સૂત્રમાં મોહનીય કર્મ ઉપાર્જનના **ત્રીશ** સ્થાનો ઉપર જય મેળવવાની સૂચક છે. શ્રી **મહાવીર** પરમાત્માએ મોહનીય કર્મના સ્થાનો ઉપર જય મેળવી કૈવલ્ય પ્રાપ્ત કર્યું અને પોતાના દૃષ્ટાંતથી ભાવિ દરેક આત્માઓને દૃષ્ટાંતરૂપે સૂક્ષ્મ પ્રેરણા ( Astral motion ) આપી. એમના અધિષ્ઠાયક દેવે અમારી ગતવર્ષની આરંભ-પ્રાર્થનાને ધ્યાનમાં લઇ અમારી આંતર ( Internal ) અભિલાષાઓને તૃપ્ત કરવા જેવી રીતે બળ સમર્પ્યું છે તેવી રીતે હવે પછીના અમારા ભાવી મનોરથોને તે દેવ સફળ કરો એવું ઇચ્છી-અમો તથા આ પત્રના લેખકો જે-તે મહાન્ દેવના સાધનમાત્ર છીએ-પ્રસ્તુત વિઘ્નનિવારક દેવનું પુણ્ય સ્મરણ કરી, નૂતન વર્ષમાં નવીન અભિલાષાઓને પોષવા ઉધુક્ત થઇએ છીએ.

**કાળબળ અને પ્રગતિ.**

નદીઓ જેમ પોતાનાં નીર નિરંતર સાગરમાં ઠલવે છે તેમ તિથિ, માસ અને વરસના સતત વહેતા તરંગો કાળના ઉદધિમાં આવીને મળી જાય છે; નદીની જેમ વર્તમાન કાળ પણ પોતાનું અહંત્વ તજે છે અને એકમાત્ર ભૂતકાળરૂપે બની રહે છે; એ જ પ્રકારે **આત્માનંદ પ્રકાશનું ૨૯ મું** વર્ષ કાળના અગાધ ઉદરમાં સમાઇ ગયું; અનેક લેખોના પુનિત સ્મરણોને જાગૃત કરતું વર્ષ પણ ગઇકાલની જાણે એક ઘટના બની ગઇ; હીસાબી વ્યાપારીની જેમ આત્મશ્રેયના અભિલાષીઓએ ગતવર્ષના ન્હાના મોટા પ્રસંગો, હર્ષ-શોક અને ચડતી-પડતીનાં સરવૈયાં પોતપોતાને માટે તારવ્યાં હશે; દેશકાળ અને સમાજની સ્થિતિની દૃષ્ટિએ ગતવર્ષ કેવું નીવડયું ? કાળને કેટલાકોએ લોકક્ષય કરનાર વર્ણવ્યો છે અને કેટલાકો કાળને વિકાસક્રમના ( Theory of Evolution ) અધિષ્ઠાતા તરીકે ઓળખાવે છે; કાળ જેમ વસ્તુમાત્રને જીર્ણ બનાવે છે તેમ એ જ કાળ શું એમાંથી પુનઃ નવા ઘાટ નથી ઘડતો ? એ કાળના પ્રવાહમાં તણાતા આત્માનંદ પ્રકાશે જૈન જગતમાં યથાશક્તિ લેખન સામગ્રી આપી ભૂતકાળને ગૌરવવંતો ( Magnified ) બનાવી ભવિષ્યકાલની રૂપરેખા દોરેલી છે; જાગૃતિ અને પુરૂષાર્થ પ્રતિ આશાભરી આંખે નીરખે છે; દેખાતી હાનિ અને મુંઝાવી નાખે તેવા સંક્ષોભો વચ્ચે પણ જૈનસમાજની વિભૂતિવંત ઉન્નતિનાં દર્શન કરે છે; અને તેથી જ હજારો નિરાશા વચ્ચે આત્માની અમરતાની માફક તેનો આશાવાદ અખંડ છે.

**ગતવર્ષનાં સંસ્મરણો.**

ગતવર્ષમાં દર્શન-ઉદ્યોતના નિમિત્તરૂપ તીર્થયાત્રા નિમિત્તે આસો શુદી ૧૦ ના અત્રેથી **સમેતશિખરજી**ની યાત્રાર્થે અત્રેના **શ્રી વડવા જૈન મિત્રમંડળના** નેતૃત્વ નીચે સ્પેશ્યલ ટ્રેઇનમાં લગભગ સાતસો યાત્રિકોનો સંઘ ગયો હતો અને માગશર શુદિ બીજના દિવસે અત્રે સંઘપ્રવેશ થયો હતો. આ અસાધારણ સંઘસેવા હતી અને તેનું માન આવી પદ્ધતિની સેવા કરનાર તરીકે પ્રથમ માન મેળવનાર **ભાવનગર** છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની** ઓલ ઇંડીઆ સ્ટેંડીંગ કમીટીની બેઠક મુંબઇમાં મળી હતી. તેમાં કોન્ફરન્સને જાગૃત કરવાના ઠીક ઠીક પ્રયાસો થયા હતા તેમજ ફંડ પણ સારા પ્રમાણમાં થયું હતું; પરંતુ રાષ્ટ્રીય કટોકટીના સંજોગોને લઇને કોન્ફરન્સ મળી શકી નથી. રાષ્ટ્રવીર કોઠારી **મણિલાલભાઇ**ના પ્રમુખપણા નીચે યુવક પરિષદ્ પણ મુંબઇમાં ભરવામાં આવી હતી. કોન્ફરન્સની કમીટી તથા યુવક પરિષદે શાંતિપૂર્વક ભ્રાતૃભાવથી વ્યવહારૂ રીતે અમલમાં આવે તેવી રીતે પ્રબંધ ગોઠવી ઠરાવો પસાર કર્યા હતા.

ધાર્મિક વાંચનમાળા માટે બાબુસાહેબ **જીવણલાલજી પન્નાલાલજીએ** તૈયાર કરવાનું કાર્ય પ્રો૦ **હીરાલાલ રસિકદાસ** કાપડીઆને સોંપ્યું છે અને તે માટે દ્રવ્ય ખર્ચવાની તત્પરતા પણ બતાવી છે. પ્રો૦ **હીરાલાલભાઇએ** પણ જૂદા જૂદા અભિપ્રાયો તૈયાર કરવા માટે પોતાની યોજના ( Design ) રજુ કરી દીધી છે; તો હવે તે સંબંધમાં એકત્રમતે યોજનાનું ખોખું તૈયાર થઇ જાય અને તેને અમલમાં જલ્દી મૂકાય તેમ ઇચ્છીએ; પરંતુ ખાસ કરીને ગુરુકુળ, પાઠશાળા, કન્યાશાળા અને એજ્યુકેશન બોર્ડ માટે જૂદા જૂદા દૃષ્ટિબિંદુથી ( Stand Point ) તૈયાર થવું જોઇએ અને એ યોજના સમગ્ર ભારતવર્ષમાં એક જ અભ્યાસક્રમ તરીકે ચાલુ રહે તેવી સીરીઝની જરૂરીઆત તરીકે હોવી જોઇએ; આ રીતે આખો અભ્યાસક્રમ અન્ય દર્શનોની તુલનાત્મક દૃષ્ટિએ ( Comparative view ) વિચારકો, વક્તાઓ અને શિક્ષકો તૈયાર થાય તે રીતે સફળતા પામે તેમ ઇચ્છીએ છીએ.

અનાવિલ યુવાન બેરીસ્ટર **ભુલાભાઇ દેશાઈના** પુત્ર **ધીરૂભાઇ** સાથે અમદાવાદના ઓસવાળ ખાનદાન કુટુંબની પુત્રી **મધુરીએ** વર્ણાંતર લગ્ન કર્યું જેથી બન્ને જ્ઞાતિઓમાં ખળભળાટ થયો હતો, પરંતુ તે મુખ્ય હકીકત ન ગણીએ તોપણ સુરતમાં પ્રકટ થતાં **ગુજરાત પત્રે** 'લગ્ન વર્ણાંતર' નામનો લેખ લખી, હિંદુ જાતિનું, જૈન સમાજનું અને **શ્રી મહાવીરદેવનું** ભયંકર અપમાન કર્યું છે અને એ રીતે જૈન ધર્મ ઉપર આક્ષેપો કરી પત્રકાર તરીકેનું ભૂષણ ગુમાવી બેઠેલ છે. આ લેખ પાછો ખેંચી તે પ્રકટ કરવા માટે પોતાની દિલગીરી બતાવવી જોઇએ અને તેમ જો તે ન કરે તો જૈન કોમના ત્રણે ફીરકાઓ સાથે મળી તેમ કરે તેવી ફરજ પડાવવી જોઇએ અને તેમ પણ ન બની શકે તો શેઠ **આણંદજી કલ્યાણજી** અને **જૈન કોન્ફરન્સને** તે માટે યોગ્ય પગલાં લેવા સર્વ સ્થળેથી ઠરાવો મોકલી આપવા જોઇએ એવી જરૂર અમો માનીએ છીએ.

દીક્ષાના પ્રશ્ને જૈન સમાજમાં જે મોટો કોળાહળ મચાવી મૂકયો છે તે દિવસાનુદિવસ વૃદ્ધિંગત થતો રહ્યો છે. **વડોદરામાં** સંન્યાસ દીક્ષા પ્રતિબંધક કાયદો થવા માટે ચર્ચાઓ ઉપસ્થિત થવાનો પ્રસંગ શરૂ થઈ ચુકયો છે અને ન્યાયકોર્ટમાં બંને પક્ષની અનેક ઉલટ સુલટ જુબાનીઓ લેવાઇ રહી છે, જેમાં જૈનદર્શનનાં અમુક અમુક સાધુઓનાં અને ગૃહસ્થોનાં વિવિધ વિચારવાળા સ્વરૂપો પ્રકાશમાં આવી રહ્યાં છે. આ પરિસ્થિતિ જૈનસમાજની અધોગતિનું પ્રત્યક્ષ ચિહ્ન છે. असमर्थो गृहारंभे समर्थो गृहभंजने એ ન્યાયે જૈન સમાજમાં ક્લેશપરંપરા વધી તોડફોડ કેમ થાય તેવી અનેક યોજનાઓ **યંગમેન્સ સોસાઇટી** અને **યુવક સંઘ** તરફથી પત્રોની કટારોમાં ફેંકાઇ રહી છે. પૂજ્યપાદ વયોવૃદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવર્તકજી શ્રી **કાંતિવિજયજી**, પૂ. શ્રી **હંસવિજયજી** તથા આચાર્યશ્રી પૂ. **વલ્લભસૂરિજી** ઉપર **વીરશાસન** પત્ર તરફથી કલ્પિત સંવાદોદ્વારા **અસત્ય** આક્ષેપો **થઇ** રહ્યા છે; છતાં પ્રસ્તુત મહાત્માઓ મૌનપણે સહન કરી કર્મ નિર્જરા કરી રહ્યાં છે; પરંતુ આ બધું **શાને** માટે ? ખંડનાત્મક ચર્ચાઓ બંધ કરી રચનાત્મક ( Constructive ) કાર્ય કરવામાં જીવનની સાર્થકતા છે એમ પન્યાસજી શ્રી **રામવિજયજી** જેવી વિદ્વાન વ્યક્તિને સમજાવવું પડે તેમ છે ? કલેશ વધતો હોય, **જૈન સમાજ** છિન્નભિન્ન **થતો** હોય તેવા વખતે તેને અખંડ બનાવવામાં ભવિષ્યનો જૈન સમાજ કેવી સુંદર નામના સાથે તેમને સ્મરણમાં રાખશે તેનો કાંઈ વિચાર હજી પણ તેઓશ્રીને આવવા જરૂર છે ? દીક્ષાના પ્રશ્નનું સમાધાન તેમજ અન્ય શાસ્ત્રીય સમાધાનો સાધુ સમ્મેલનની એકત્રતાદ્વારા જ બની શકે અને તે માટે **યંગમેન્સ સોસાયટી** અને **કોન્ફરન્સના** નેતાઓએ તટસ્થ મહાન્ વ્યક્તિ શ્રીમાન્ **વિજયનેમિસૂરિજી** પાસે જવું જોઇએ અને તેઓશ્રી વ્યવસ્થિત રીતે સુંદર યોજનાપૂર્વક એ મહાન્ કાર્ય જરૂર પાર પાડી શકશે એમ અત્યારે તો અમારી માન્યતા હજી પણ અસ્થાને નથી. સમાધાન બાબતમાં **પં. રામવિજયજીએ** વઢવાણ **શહેરથી** 'સમાધાની માટે પ્રાથમિક આવશ્યકતા ' ના હેડીંગથી હેંડબીલ હમણાં જ બહાર પાડયું છે, પરંતુ તે શા અર્થનું છે ? તેના સ્વીકારના પ્રત્યુત્તરરૂપે **જૈન કોન્ફરન્સના** સેક્રેટરીઓએ **મુંબઈસમાચારમાં** સંક્ષિપ્ત લખાણ આપેલું પણ છે; પરંતુ આથી વાસ્તવિક હેતુનો નિર્ણય શી રીતે થવાનો છે ? હવે તો પત્રોની કટારો અને હેંડબીલબાજી દૂર કરી તટસ્થ વ્યક્તિ મારફત સમાધાન મેળવવા-સાચું ઐક્ય સાધવા-હૃદયશુદ્ધિ કરી પ્રયત્નશીલ થવાય તો જ સાચી સફળતા છે એમ અમો માની રહ્યા છીએ. હજુ પણ અમો આશા રાખીએ છીએ કે **પં. રામવિજયજી** આચાર્યશ્રી **આનંદસાગરજી** તથા આચાર્ય **લબ્ધિસૂરિજી** વિગેરે વિદ્વાનો જૈન સમાજની છિન્નભિન્ન સ્થિતિને દુ:સાધ્ય અવસ્થામાંથી ઉગારી લેવા પ્રયત્નશીલ થશે એવી અમારી વિનંતિ પુન: પુન: હાર્દિકરીતે છે.

ગતવર્ષમાં શ્રી **યશોવિજય જૈન ગુરૂકુળમાં** કેળવણી સંબંધી ભાષણ **મી. નરોત્તમ બી. શાહે** આપેલું તે ખાસ માનનીય વિષય તરીકે સપ્રસંગ નોંધ લઇએ છીએ. જૈનોમાં કેળવણી સંબંધી શિક્ષણ પરત્વે વસ્તિપત્રકના આંકડાઓ સાથે બતાવી આપવા માટે તેઓ હમેશાં રસ લેતા આવ્યા છે. શિક્ષણ સંબંધી વર્તમાન સ્થિતિનો તેમણે ઉલ્લેખ કર્યો હતો અને તે ભાષણદ્વારા દાખલા, દલીલો, ચારિત્ર, રહેણીકરણી વિગેરેથી સિદ્ધ કરી બતાવ્યું હતું. **પાલીતાણા જૈન ગુરૂકુળ** જૈનોમાં કેળવણીના દૃષ્ટિબિંદુથી ક્રમે ક્રમે પ્રગતિમાન સંસ્થા તરીકે બહાર આવવા લાગી છે. ભાવનગર અને મુંબઇના કાર્યવાહકો તેના નિમિત્તભૂત છે. પ્રસ્તુત સંસ્થા અધિકાધિક પ્રગતિમાન થતી જાય તેમ અમો ઇચ્છીએ છીએ.

દીક્ષા પ્રકરણના બે નિબંધો જૂદી જૂદી શાસ્ત્રીય દલીલો સાથે બહાર પડેલા હતા. તેમાં એક શ્રીયુત **સુરચંદ પી. બદામીનો** તથા બીજો **ન્યા૦ મુ. ન્યાયવિજયજી** તરફથી હતો. બન્ને નિબંધોની દલીલો વિદ્વતાભરેલી હતી, જૈન સમાજને શાસ્ત્રીય નવીન પ્રકાશ અર્પનારી હતી; પરંતુ પરસ્પર વિરૂદ્ધતા તેમાં જે રીતે દૃષ્ટિગોચર થાય છે તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીકાલ પૂ. **વિજયનેમિસૂરિ** જેવા તટસ્થ આચાર્ય શાસ્ત્રીય દૃષ્ટિએ કરી શકે એમ અમારી નમ્ર પણ દૃઢ માન્યતા છે.

## અમારી વર્તમાન સ્થિતિ.

પ્રસ્તુત સભાની વર્તમાન સ્થિતિ લાઇબ્રેરી, જ્ઞાનોદ્ધારખાતું, સાહિત્ય–પ્રકાશન અને રીપોર્ટ સંક્ષિપ્ત રીતે પણ સારરૂપે ગતવર્ષમાં આપવામાં આવેલ છે, જે ઉપરથી સભાની કાર્યરેખાની સમાજને માહિતી મળી શકશે, તેમજ ઐતિહાસિક પુસ્તકો જેવા કે **પ્રભાવક ચરિત્ર** કે જેની પ્રસ્તાવના ઇતિહાસતત્ત્વમહોદધિ શ્રી **કલ્યાણવિજયજીએ** લગભગ ત્રણસો પાનાઓમાં સંશોધક દૃષ્ટિથી લખી છે. તે ગ્રંથ તથા કથાનુયોગનો પ્રાચીનતમ ગ્રંથ **વસુદેવહિંડી** પ્રથમ ખંડનો બીજો વિભાગ વિગેરે સભા તરફથી પ્રકાશિત થએલા હોવાથી આ સભા ગૌરવ લે છે.

ગતવર્ષમાં યોગનિષ્ઠ આચાર્યશ્રી **વિજયકેસરસૂરિજીનો** સ્વર્ગવાસ થયો તેની સમસ્ત જૈન સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે, તથા અત્રે ભદ્રક પ્રકૃતિવાળા અને સંયમમાં નિરંતર અપ્રમાદી સાધ્વીજી શ્રી**કંચનશ્રીજીના** સિદ્ધક્ષેત્રમાં થયેલા સ્વર્ગવાસથી ખાસ કરીને અત્રેના શ્રાવિકાવર્ગને તેમનો અભાવ નિરંતરને માટે સ્મરણમાં સાલશે. મુ૦ **સુભદ્રવિજયજી** તથા **અમીવિજયજી** જેવા વિદ્વાન સાધુઓનો પણ અભાવ થયેલ છે; આ સભાના ઉપયોગી સભાસદ શ્રીયુત **દામોદર ગોવિંદજી** તથા સહાયક **અમરચંદ હરજીવનદાસ, શેઠ પરમાણંદદાસ રતનજી** અને દાનવીર **શેઠ દેવીદાસ કાનજીનું** ગતવર્ષમાં અવસાન થયું છે. પ્રાચીન સાહિત્યવિલાસી વકીલ **કેશવલાલ પ્રેમચંદ મોદીના** અવસાનથી તથા **શેઠ સારાભાઇ મગનભાઇ** મોદી કે જેઓ સામાન્ય સ્થિતિ છતાં કેળવણી માટે મુખ્યપણે પ્રેમ ધરાવી અઠ્ઠાવીસ હજાર જેટલી રકમ **જૈન ગુરૂકુળને** તેમજ **મહાવીર વિદ્યાલયને** પચાસ હજાર જેટલી રકમનો સદ્વ્યય કરી ચૂકયા છે. તેમના ખેદજનક અવસાનથી આ સભાના લાઇફ મેંબર તરીકે અને જૈન સમાજના અગ્રગણ્ય કેળવણી ઉત્તેજક તરીકેની પડેલી ખોટ માટે વાર્ષિક સરવૈયાં પ્રસંગે સપ્રસંગ નોંધ લઇએ છીએ.

## લેખ દર્શન.

પ્રસ્તુત માસિકે ગતવર્ષમાં ગદ્ય અને પદ્ય લેખો મળીને લગભગ ૬૩ લેખો આપેલા છે. જેમાં ૨૧ પદ્ય લેખો અને ૪૨ ગદ્ય લેખો છે. પદ્ય લેખોમાં ન્યાયતીર્થ મુનિ **હિમાંશુવિજયજીના** બે કાવ્યો ' જિનેંદ્ર સ્તવ અને ઇશ પ્રાર્થના ' અલંકારમય અને સંસ્કૃતિથી સમન્વિત હોવાથી ભકિતરસને ઉચિત રીતે વહાવી શકે છે. **સંઘવી વેલચંદ ધનજીની** ' દિવ્યયાદ, મંત્ર–મણિ અને જયંતી ' વિગેરે છ કવિતાઓ રસિક, બોધપ્રદ અને સમયોચિત કાવ્યરસની ઉત્પાદક છે. **રા. છગનલાલ નાનચંદ નાણાવટીનું** ' ચેતનને કાવ્ય ' તેમજ રા૦ **વિનયકાંત** મહેતાનાં ' વિજ્ઞપ્તિ પુષ્પપૂજા ' વિગેરે પાંચ કાવ્યો અને **પી. એન. શાહનું** ' પ્રભુ એ શકિત આપો ' કાવ્ય સુંદર સાહિત્યથી ભરપુર હોઇ ક્ષમા, નમ્રતા, વૈરાગ્ય અને જાગૃતિને ઉત્તેજનારૂં છે. આ સિવાય સંગ્રાહક તરીકેની રા. **કસ્તુરચંદ દેસાઇ** તરફથી ' પંચપરમેષ્ઠીની સ્તુતિ ' તથા રા૦ **રમણિકલાલ છગનલાલનું** ' જિન સ્તવનકાવ્ય '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ રા. મોતીલાલ નરોત્તમનું 'અભિલાષ કાવ્ય' સ્તુતિના મૂળ ઉત્પાદકમાં સ્વયંવહ (automatic) કાવ્યરસિકતા અને બાળકોને સફળતાથી બોધપ્રદતા અર્પી શકે તેવી શૈલી માલુમ પડે છે. **ધર્મસાગર ઉપાધ્યાય**નો રાસ પ્રાચીન કવિની જૂની ગુજરાતી ભાષા, લાલિત્ય અને તત્વજ્ઞાન માટે જૈન જનતાનું પ્રાચીન ગૌરવ રજુ કરે છે; પ્રસ્તુત રાસના–રા૦ **મોહનલાલ દલીચંદ દેશાઇ** કે જેઓ પ્રાચીનતા અને ઐતિહાસિક દષ્ટિબિંદુમાં હમેશાં રસ લેતા આવ્યા છે–સંગ્રાહક છે.

ગદ્ય લેખોમાં મુનિરાજ શ્રી **દર્શનવિજયજી**ના 'તીર્થંકર ચરિત્ર' ઉપર દશ લેખો ચાલુ રહ્યાં છે; પ્રસ્તુત લેખો 'શ્રી ભગવતીસૂત્ર જ્ઞાતાધર્મ કથાંગાદિ' સૂત્રરૂપ ઉદધિનાં તરંગો હોઇ ઐતિહાસિક દષ્ટિએ નવીન પ્રકાશ પાડે છે. મુનિરાજશ્રી **ન્યાયવિજયજી**નો અમારી પૂર્વદેશની યાત્રાનો લેખ છ વિભાગમાં સમાપ્ત થયેલો છે; મુનિરાજ શ્રી **દર્શનવિજયજી–જ્ઞાનવિજયજી** અને **ન્યાયવિજયજી** એ ત્રિપુટીએ ઉત્તર હિંદુસ્તાનમાં જ્યાં જ્યાં વિહાર કર્યો ત્યાં ત્યાંથી શોધખોળની દષ્ટિએ (research view) જૈનધર્મની પ્રાચીનતા કયાં કયાં દટાએલી છે તે શોધી કાઢવાનું તેમનું વર્તમાન દષ્ટિબિંદુ પ્રશસ્ત છે; તેમજ જૈન દર્શનને ઉપકારક છે. ઉકત મુનિ ત્રિપુટી ખાસ કરીને કોઇપણ પ્રકારના કલેશમય વાતાવરણમાં નહિ જ પડતાં પોતાનાથી બની શકે તે રીતે રચનાત્મક કાર્ય કરવું તેવા સ્વભાવના હોઇ પ્રસ્તુત પત્રદ્વારા પણ વર્ષો થયાં લેખોનો પ્રકાશ તેમના તરફથી અવારનવાર જૈન સમાજને મળતો રહ્યો છે. મુનિરાજશ્રી **જયંતવિજયજી**ના બે લેખે. 'ભગવાન મહાવીર સંબંધી હકીકત તથા વિહારની યાદી' તથા પૂ૦ સ૦ **કર્પૂરવિજયજી**ના સાત ટુંકા પણ બોધપ્રદ લેખોએ ઐતિહાસિક દષ્ટિએ તેમજ સરલ શૈલીથી વૈરાગ્યમય શિક્ષણીય પ્રબંધની પૂર્તિ કરી પ્રસ્તુત માસિકને મુનિપ્રસાદીથી અલંકૃત કરેલું છે. રા૦ **વિઠલદાસ મૂળચંદ**ના અગીઆર લેખો 'મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ' સંબંધમાં અનુવાદક તરીકેના છે, જે વ્યવહારમાં તેમજ આધ્યાત્મિક જીવનમાં ઉપયોગી છે. લેખોની ભાષાશૈલી સરલ તેમજ રહસ્યથી ભરપૂર છે. શ્રીયુત **શંકરલાલ ડાહ્યાભાઇ** કે જેઓ જૈન ગુરૂકુળના સુપ્રીન્ટેન્ડન્ટ છે તેમના 'દ્રવ્યગુણ પર્યાયવિવરણના' બે લેખો દ્રવ્યાનુયોગના હોઇ તીક્ષ્ણ બુદ્ધિના વિદ્યાર્થીઓને ખાસ ઉપયોગી છે. સંસ્કારિત મન અને આત્મિક કેળવણીનો ઉચ્ચ આદર્શ એ બે લેખો રા૦ **કસ્તુરચંદ હેમચંદ** દેસાઇના છે, જે જૈન ગુરૂકુળના ધાર્મિક અધ્યાપક છે. અને લેખક તરીકે ધીમેધીમે પ્રગતિ કરતા જાય છે. રા૦ **આત્મવલ્લભ** કે જેઓ આ સભાના માનદ સેક્રેટરી છે તેના 'અધ્યાત્મ નિરૂપણ પ્રશ્નોત્તરના' પાંચ લેખો તથા 'જીવન વિકાસનો' લેખ જૈન તત્વજ્ઞાનનો પરિચય કરાવનાર અને ગહન છે. રા૦ **ભોગીલાલ સાંડેસરના** 'એક ઐતિહાસિક પત્ર' અને 'કેટલાક ધાતુપ્રતિમા લેખો' બન્ને લેખો ઐતિહાસિક પ્રકાશ ઠીક ઠીક પાડે છે. 'સંપત્તિ વિપત્તિનો સંવાદવાળો' લેખ 'શાસ્ત્રી' નો પણ સુંદર અને બોધપ્રદ છે. આવા સંવાદોની અસર જૈન સમાજ ઉપર સીધી રીતે થાય છે. પ્રશ્નોત્તર સમસ્યાનો' ટુંકો કાવ્યમય લેખ તથા 'પ્રમાણિકપણું, આત્માની ત્રણ અવસ્થાઓ' વિગેરે **મોતીલાલ નરોતમ** કાપડીયાના લાક્ષણિક શૈલિવાળા હોઇ ઉપદેશક દષ્ટિબિંદુવાળા છે તદુપરાંત 'નૂતન વર્ષનું મંગળમય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિધાનનો લેખ ' અને વર્તમાન સમાચારના છ લેખો તથા સ્વીકાર સમાલોચનાના નવ વિભાગો માસિક કમીટી તરફથી અપાયેલા છે. પીઠપૃષ્ટ ઉપર બાર લેખો કેળવણીનું ધ્યેય, મંગળ પ્રભાત, સ્વદેશીની ભાવના ' વિગેરે રાષ્ટ્રીય દૃષ્ટિએ **માલવીયાજી, ગાંધીજી** અને અન્ય સાહિત્ય રસિક વિદ્વાનોના ભિન્નભિન્ન ગ્રંથોમાંથી અને વચનોમાંથી તારણ કરીને આપવામાં આવ્યા છે જે વાંચક વર્ગના વિચારોને સન્માર્ગમાં પ્રેરણા ( instinct ) આપે છે. મુખપૃષ્ટ ઉપર શ્રી **હરિભદ્રસૂરિકૃત યોગબિંદુની ટીકામાંથી** ' તત્વચિંતન એ અમૃત છે.' વિગેરે દર્શાવનારૂં સંસ્કૃત ગદ્ય આપવામાં આવ્યું છે જે રહસ્યથી પરિપૂર્ણ છે.

## નવીન ભાવના અને લેખકોનો આભાર.

પ્રસ્તુત નવીન વર્ષમાં વ્યવહાર અને નિશ્ચયબળથી ( relative and absolute power ) આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ થાય તેવી સુંદર શૈલિથી લેખો આપવા ઇચ્છા રાખેલી છે. ચાલુ સાક્ષર લેખકો તેમજ નવીન લેખકોને તત્વજ્ઞાન, કેલવણી અને ઐતિહાસિક શોધખોળના પ્રદેશ ઉપર વિશેષ પ્રમાણમાં લેખો આપી આ પત્રના પૃષ્ઠોને અલંકૃત કરવા સાદર નિમંત્રીએ છીએ; તેમજ **વસુદેવ હિંડીનો** ત્રીજો વિભાગ, **મહાવીર ચરિત્રના** મહાન પ્રાચીન ગ્રંથનું ભાષાંતર, સતી **સુરસુંદરી** ચરિત્ર, **બૃહત્કલ્પ** વિગેરે ગ્રંથોનું પ્રકાશન કરવા ભાવના છે. તે પૂર્ણ કરવા શ્રી અધિષ્ઠાયકદેવ સહાય અર્પશે એવી અમો આશા રાખીએ છીએ.

## અંતિમ પ્રાર્થના.

પ્રાણીમાત્રને પોતાનું પ્રતિબિંબ મેળવ્યા સિવાય આનંદ નથી. આનંદ એ આત્માનું જીવન છે; તે અત્યારે તેને બહારના પ્રદેશમાં શોધે છે, અનંતકાળથી અવ્યક્તપણે ( unconsciously ) શોધે છે; પરંતુ સ્વરૂપના લાભ વિના વાસ્તવિક આનંદ નથી જ. મનુષ્ય જીવનનું ત્યાં સાફલ્ય છે; આ સાફલ્ય પ્રત્યેક વાંચક પ્રાપ્ત કરો એ અભિલાષા સાથે ઉપસંહારમાં સોળમા તીર્થંકર શ્રી **શાંતિનાથજીનું** મંગલમય સ્મરણ કરી, નવીન વર્ષમાં પ્રસ્તુત માસિકના યોગક્ષેમનો રથ પરમાત્માના અધિષ્ઠાયકના હાથમાં સોંપી અંતિમ સ્તુતિ શ્લોક સાદર કરી મંગલમય પ્રાર્થનાદ્વારા સંબોધીએ છીએ કે:—

**હે વિશ્વવ્યાપી ચિદ્‌ઘન**! સર્વ પ્રકાશોમાં ઉત્તમ આત્મિક પ્રકાશ એ જગતનું સુધા છે, તે વડે જ જગત્ ખરેખર જીવી શકે છે; મૃત્યુના સદંતર અવરોધનો (entire cessation) તે જ પરમમંત્ર છે. એ પરમમંત્રને અમારા હૃદયમાં રેડી તે પ્રકાશનાં કિરણોથી આ સ્થૂળ વિશ્વની ભૂમિકાને અજવાળી અનાદિકાળથી અજ્ઞાનાંધકારમાં અટવાતા અમોને દિવ્ય **ભૂમિકાનું દર્શન–સ્પર્શન** કરવા આધ્યાત્મિક બળ ( vital power ) આપો !

**भवदावानलोद्भूततापनिर्वापणक्षमः ।**
**श्री शांतिस्तांतिभिद्भूयात् सतां संपन्नतांबुदः ॥**

**ॐ शांतिः शांतिः शांतिः ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्षाकाल वर्णनम्.

प्रणेता—न्यायतीर्थ-काव्यतीर्थ मुनिराज हिमांशुविजयः। (अनेकान्ती)

( १ )

कलापिकेकारवमाददाना
 [1]ताम्राक्षगीताच्च मुदं दधाना ।
व ग्निवेगं च निवारयन्ती
 समागता प्रावृडहो ! सुखर्तुः ॥

( २ )

कामाऽऽकुलान् कामिजनान् समन्ताद्
 ध्यानान्वितान् ध्यानिजनाँश्च सम्यक् ।
करोति सानन्दरवाँश्च भेकान्
 घनागमः कस्य [2]सुखाकरो न ? ॥

( ३ )

छात्रान[3]धीतिनः शास्त्रे कृषकाँश्[4]चोप्तितत्परान् ।
हरित्फलामिलां कुर्वन् भाति वर्षागमः शुचिः ॥

( ४ )

नदीनां कुलटानां च भेकाऽभ्रपङ्कविद्युताम् ।
[5]औधत्यं मद्यवन्मेघो जनयन् जृम्भतेजवात् ॥

( ५ )

[1]कमलं [2]समलं मेघो [3]भामिनीं [4]भामवामिनीम् ।
[5]ज्योत्स्नामहो ! [6]तमिस्रावत् करोति पुँष्पितं लताम् ॥

---

१ कोकिलगीतान् । २ असुखं सुखं करोतीति सुखाकरः । ३ अध्ययनवतः । ४ बीज-वपनकार्यतत्परान् । ५ महत्त्वं, निर्मर्यादत्वं, उद्वृत्तत्वं च ।

१ अम्बुजं, अम्बु, मृगं च " कमलं क्लोम्नि भेषजे । पङ्कजे सलिले ताम्रे कमलस्तु मृगान्तरे ॥ " इति हैमानेकार्थकोषः [ काण्डे ३—६४ ] २ सम्—सम्यक्, अलं—समर्थम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ६ )

स्थले स्थलेऽम्भोभृतपुष्करिण्यः
सुगन्धनीराः बकभेकतीराः ।
जलौकआभाः कुमुदाऽब्जशोभाः
आनन्दयन्ते न मनांसि केषाम् ? ॥

( ७ )

आहारं च विहारं च निरुध्य यतितल्लजाः ।
वाणिज्यं वणिजश्चेह धर्मकर्मसु कर्मठाः ॥

( ८ )

श्यामप्रभामण्डितमेघमण्डली लक्ष्मीं हरन्ती बत पार्वतीं क्वचित् ।
तडिद्वती, सूर्यविरोधिनी क्वचित् सगर्जना भाति मयूरनर्त्तनीम् ॥

( ९ )

कुर्वन्तु मुस्ताक्षतिमाशुशूकराः प्रशान्तयन्तां स्वतृषां च चातकाः ।
तन्वन्तु नृत्यं शिखिनः प्रियामुखं धनागमे विश्वजनप्रिये सुखम् ॥

( १० )

समौक्तिका किं जलसीकरान्विता ?
किमिन्द्र गोपैश्चसकुङ्कुमाऽवनिः ? ।
हरित्तृणाङ्कूरविभूषिताऽधुना
हरिन्मणीभिर्वनितेव भूषिता ॥

उज्जयनीनगर्याम्.

---

अम्बुपक्षे मलयुक्तम् । मृगान्तरपक्षे तु, मलेन दुःखेन रोगेण–पंकेन वा सहितं समलम् । ३ स्त्रीम् । जातावेकवचनम्, एवमन्यत्राऽपि । ४ भामेन कर्तृमेन रतिकोपेन वामशीलाम् । पक्षे भामस्य वमनकारिणीं–कोपत्यागिनीमित्यर्थः । ५ ज्योत्स्ना तु पूर्णिमारात्रिस्ताम् । ६ तामिस्रा –अमावास्यारात्रिस्तद्वत्, धाराभ्रान्धकाराविलत्वात् । ७ पुष्पाणि जातान्यत्र तां पुष्पितां लतां, पक्षे रजस्वलाम् । ८ जलजन्तुशोभावत्यः ।

१ ग्रामान्तरगमनम् । २ संवृत्य । ३ वणिजो वाणिज्यं निरुध्येति सम्बन्धः । ४ कुशलाः –तत्पराः, भवन्तीति शेषः । इह–वर्षासु । ५ पर्वतसम्बन्धिनीं लक्ष्मीं शोभाम् । ६ सूर्याऽऽच्छादिनीम् । ७ मयूरीसम्मुखं ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતનવર્ષાભિનંદન.

( અંજની )

આત્માનંદે નવીનતા રેલવતી
અજ્ઞાન તિમિર દૂર કરતી,
જ્ઞાન ઉષા ચૌદિશ દર્શાવતી,
સાલ ત્રીસમી મુબારક હો !

જીવનની ગૂઢ ગુંચો ઉકેલતી
મનસૃષ્ટિ પીયૂષે સીંચતી
શાંતિના સુપાઠ પઢવતી
સાલ ત્રીસમી મુબારક હો !

આત્મતણા ઓજસ્ પ્રભવે
પ્રગતિ, સંપ, મંજુલ ધ્વનિએ
સૌ આત્માનંદ અભિલાષીઓને
સાલ ત્રીસમી મુબારક હો !

અમદાવાદ. } વિનયકાંત કાંતિલાલ મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાવધ થા !

લેખક—વિનયકાંત કાંતિલાલ મહેતા—અમદાવાદ.

અહર્નિશ મહાકષ્ટ વેઠી જગતના જીવો લક્ષ્મીદેવીની ઉપાસનામાં શાને માટે રકત રહે છે ? માણુસ લક્ષ્મીને માટે કેમ મરી ફીટે છે ? 'જીવવા માટે'

પાપ, પુણ્યનો વિચાર કર્યા વિના છતી આંખે પાટા બાંધીને, સમજ્યાં છતાં પણ શાણાઓ શામાટે મહાપાપ કરી નાખે છે ? ' જીવવા માટે '

અલભ્ય આશામાં અંજાઈ જઇ, તેની પાછળ દીવાનાઓ જીવન આખુંય શામાટે હોમી દે છે ? મરણના એ અટલ નિયમનું ઉલ્લંઘન કરવા મનુષ્ય શાને પ્રેરાય છે? ' જીવવા માટે '

મનુષ્ય આપત્તિ, સંકટ તથા અન્ય ભયાનક સમયે કેમ ભયભીત થઇ જાય છે ? વાદળની એ ભીષણ ગર્જનાને સૂણી કેશરીસિંહ શાને કૂદે છે ? ' જીવવા માટે '

પણ એ જીવવાનું શાને માટે ?

માનુષિક જીવન કેવળ ભોગવિલાસ અને મોજશોખ માટે નથી સર્જાયું, જીવનની આખી કૃતકૃત્યતા સંપત્તિ કે કીર્તિની પ્રાપ્તિમાં નથી સમાઇ જતી. ફક્ત જીવન ગાળવા માટે જીવન નથી નિર્માયું.

સાવધ થા ! ઓ કર્મના કષ્ટભેદ્ય વાદળમાં વિલીન થયેલા આત્મારૂપી દિવ્ય ઓજસ્મય સૂર્ય ! તારી અનંત શકિતથી એ ઘોર વાદળોના અંધકારનો સત્વર નાશ કરી નાખ.

હજુ સમય છે. તારા આત્માની જ્યોતિને પુણ્યોપાર્જનની દિવ્ય જ્યોતની સાથે મેળવી, પ્રચંડ તેજ પ્રગટાવી, એ કર્મરૂપી વિષમય, દૂરથી દેખાતા આકર્ષક દુષ્ટ આવરણને ઓગાળી નાખ.

તારા સન્માર્ગને જીવ ! તું જ શોધી લે. અને તે દિશાને અવલંબી તે તરફ પૂર્ણ પ્રયાસ કરવા સાવધ થઇ, કટિબદ્ધ થઇ જા.

હે ચૈતન્ય ! તું જુએ તો તારે ઘણું કરવાનું છે. તેમાંથી કંઇક કર, પ્રયાસ કર અને અંતરાયકર્મના બંધનને તોડી નાખ. એકવાર સહૃદય પ્રયત્ન કર.

પછી જો તારે માટે મોક્ષના દ્વાર ખુલ્લાં છે કે નહિ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાચી સ્વતંત્રતા.

( અનુ૦ આત્મવલ્લભ. )

આજકાલ સ્વતંત્રતા લેવા-સ્વતંત્ર થવા સૌ કોઈ-ઇચ્છે છે. ન્યુસપેપરો તે માટે અનેકવાર લખે છે, પરંતુ સાચી સ્વતંત્રતા કોને કહેવી અથવા જેનું પરિણામ સ્વચ્છંદતામાં ન આવે અને તે પ્રાપ્ત કરનાર કેવો મનુષ્ય હોવો જોઇએ તે જણાવવાનો આ લેખનો હેતુ છે. શાસ્ત્રવેત્તાઓ કહે છે કે સાચી સ્વતંત્રતા દિવ્ય વસ્તુ છે.

જ્યાંસુધી કોઇ મનુષ્ય પોતાના બંધનમાં છે ત્યાંસુધી સ્વતંત્રતાનો આનંદ તે સમજી શકતો નથી, તેમ કોઇપણ અનુભવ તે કરી શકતો નથી. મનુષ્ય પોતાના બંધનમાં ત્યારે જ હોય છે કે પોતાના ગમે તેવા વિચારને વશ હોય છે, અને પોતાના કાર્યો પર યુક્તિનો અધિકાર તથા વશ ન થતાં તાત્કાલિક માનસિક ઉત્તેજનાને વશ થઇ જાય છે.

એક એવા પ્રકારનું દાસત્વ છે કે જે નિશ્ચયથી લોખંડની કડીઓની જેમ કઠોર હોય છે કે જે દરેકને બંધનમાં રાખે છે, અને તે સ્વતંત્રતાની જેમ દેખાય છે કે જેને રૂચિ અને અરૂચિ કહેવામાં આવે છે; જ્યારે મનુષ્ય રૂચિ અને અરૂચિને સ્થાન આપે છે ત્યારે તેનો આત્મા સ્વતંત્રતાનો અપરિચિત થઇ જાય છે.

પક્ષપાત અને તરફદારી, સ્વાર્થલોલુપતા અને સુખેચ્છા, ગભરાટ અને દુ:ખી થવું, રતિ અને અરતિ થતાં, ઇર્ષ્યા કરવી અને અસંતુષ્ટ રહેવું અને પશ્ચાત્તાપ કરવો એ સર્વ આત્માને બંધનરૂપ છે; પરંતુ જ્યારે તેમાંથી કોઈ એકપણને સ્થાન આપવામાં આવે ત્યારે સ્વતંત્રતા આત્માને અજ્ઞાત થઇ જશે.

સાચી સ્વતંત્રતાના ઇચ્છક કે તેનો અર્થ સમજવા ચાહનારે જાણવું જોઇએ કે તે પરમાત્માની કથન કરેલ મહાન્ વસ્તુ છે, અને આત્મા ઉપર જે જે વસ્તુઓએ ભૂતકાળમાં વિજય મેળવ્યો છે તે વસ્તુઓ ઉપર આત્મા વિજય મેળવે તેનું નામ જ સ્વતંત્રતા છે અને ત્યારે જ આત્મા બંદીવાન-પરાધીન રહેતો નથી.

પોતાની માનસિક અવસ્થાઓને ( મનને ) વશ કરો ! ઉત્તેજનાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( લાગણીઓ ) ના શાસનને ન સ્વીકારો–અને હરેક કાર્યો સ્થિરચિત્તે યુક્તિપૂર્વક વિચારીને કરો.

તમે પોતાને કહો કે આ ઉચિત છે કે અનુચિત છે, મારા ભાવોથી તેનો કોઇ સંબંધ નથી, મારે શું પસંદ કરવા લાયક છે, મારે શું કરવા લાયક છે ? મારા મુખથી આ વાત–શબ્દો નીકળતાં શોભા આપશે કે નહિં ? તેમ દરેક કાર્ય કરતાં વિચારો–મનન કરો. જો મનુષ્ય જીવન અને વ્યવહાર તેની રૂચિ અને અરૂચિને આધીન જ થયા કરે તો તે એક ગુલામ છે.

જે મનુષ્ય પક્ષપાત તથા તરફદારી કરનાર હોય છે તે કોઇ ચીજને આંખો પર લગાવેલ રંગીન ચશ્માની જેમ તેના વાસ્તવિક સ્વરૂપને જોઇ શકતો નથી; પરંતુ બુદ્ધિમાન મનુષ્ય તો સદા સિદ્ધાંત પર ચાલે છે અને ઇમાનદારીથી ન્યાય કરે છે.

વિષયોના દાસ–પરાધીન સદા ઇચ્છા કરે છે, પરંતુ તે કોઈ વસ્તુને પ્રાપ્ત કરતો નથી. વિષય–વાસના તેના ઉપાસકને મોટી, પહોળી, લાંબી આશાઓ બાંધે છે, પરંતુ પર્વત ઉપરની ચીજ દેખી તે પ્રાપ્ત કરવાના ખ્યાલથી લાંબા હાથ ફેલાવનાર જેમ તે પ્રાપ્ત કરી શકતો નથી તેમ વિષયવાસના પણ તેના ઉપર આશાઓ બાંધનારને ઠગે છે અને ઇષ્ટસુખ તે આદમીને કદિ પ્રાપ્ત થતું નથી. કદાચ કોઇ સંયોગે એક ઇચ્છા પૂરી થાય તો બીજી સામે ખડી થાય છે અને નિરંતર ઇચ્છા વધ્યે જાય છે, જેથી જે મનુષ્ય સ્વતંત્રતાને સમજવા ચાહતો હોય–સ્વતંત્ર થવા માગતો હોય, તેણે વિષયવાસનાઓ તથા તૃષ્ણા–ઇચ્છાઓનો ત્યાગ કરવો જોઇએ. સુખની ( પુદ્દગલિક ) વાસના પણ નિકૃષ્ટશ્રેણીનું બંધન છે અને તે તો દરેકને દાસપણાને ગંભીરમાં ગંભીર ગઢના બંધન તરફ દોરી જાય છે, તેથી તેની ઇચ્છા પણ છોડનારને તેના કરતાં ઉત્તમ-ઉત્તમોત્તમ સુંદર વસ્તુ પ્રાપ્ત કરે છે કે જેથી આત્મિક આનંદ અને અખંડ શાંતિ પ્રાપ્ત કરે છે. સ્વતંત્ર મનુષ્ય પોતાની સ્થિતિ પર શાંતિપૂર્વક વિચાર કરે છે, નથી તે પોતાની આપત્તિઓથી ગભરાતો, નથી તે બીજાને દોષ દેતો, શિક્ષા કરતો, ઇર્ષ્યા કરતો કે વેર લેતો; પરંતુ તે ન્યાયબુદ્ધિથી યુક્તિપૂર્વક દરેક વાતનું–કાર્યનું તોલન કરે છે, આગળ પાછળનો વિચાર કરે છે અને પોતાની સઘળી આપદાઓમાંથી નીકળવાનો માર્ગ શોધી લે છે. આપત્તિઓ આવતી વખતે ગભરાવું કે બીજાને દોષ દેવો, ઇર્ષ્યા કરવી, વેર લેવું કે શિક્ષા કરવી તે તો અજ્ઞાન અને આધ્યાત્મિક અંધારાનું નિશ્ચય ચિન્હ જ છે.

બુદ્ધિમાન મનુષ્ય બીજાની ઇર્ષ્યા કરતો નથી, પરંતુ પોતાને જે પ્રાપ્ત થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના ઉપર અસંતુષ્ટ થતો નથી; અને બીજાના સુખ અને સૌભાગ્ય ઉપર પ્રસન્ન રહે છે. તે પોતે સારી રીતે સમજે છે કે જે જેનો અધિકારી છે તેને તે પ્રાપ્ત થાય છે અને હું મારા સ્થાન પર છું, મારો પાડોશી તેના સ્થાનપર છે. વળી તે મનુષ્ય પોતાની પાસેની વસ્તુથી અધિક ઉચ્ચ, અધિક સુંદર, અધિક સંતોષજનક વસ્તુની આકાંક્ષા જ્યારે કરે છે ત્યારે તે પોતાની સમસ્ત શકિતઓને તેની પ્રાપ્તિ માટે લગાવી દે છે અને પ્રસન્નતાપૂર્વક વિશ્વાસ સહિત તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે; જેથી પ્રતિદિન તે પ્રસન્નતા સહિત તે જુએ છે કે તેને થોડે થોડે તે વસ્તુઓ પ્રાપ્ત થઇ રહી છે. આ એક અનુભવગમ્ય વાત છે. તેવી રીતે ઇર્ષ્યાળુ અથવા અસંતોષી મનુષ્ય માટે તો ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિની વાત તો દૂર રહી, પરંતુ સંસારમાં પોતાને દિવસાનુદિવસ અયોગ્ય–નાલાયક બનાવે છે.

ઉત્તેજનાઓ તથા વિષયવાસનાઓનો દાસપુરૂષ સદા પાપ અને પશ્ચાત્તાપ કર્યા કરે છે. આજ એક કામ કરે છે અને આવતી કાલે તેના ઉપર પશ્ચાત્તાપ કરે છે. જે મનુષ્ય પાપ કરી પસ્તાવો કરે છે અને પાપ કરી શોક કરે છે તે નથી તો બુદ્ધિમાન કે નથી સ્વતંત્ર, પરંતુ તે તો દાસપણામાં–પરાધીનપણામાં બંધાયેલો છે. બુદ્ધિમાન તથા સ્વતંત્ર પુરૂષ યુકિત, વિચાર અને ન્યાયબુદ્ધિથી કામ કરતો હોવાથી પશ્ચાત્તાપ કરતો નથી. તે જાણે છે કે પોતાનું કાર્ય ઉચ્ચત્તમ, ન્યાયબુદ્ધિ, પવિત્ર, વિશ્વાસથી અનુકૂળ હોવાથી પશ્ચાત્તાપ કરવાની જરૂર રહેતી નથી, અને શોક કરવાથી તો સમય તથા શકિતનો અપવ્યય થાય છે અને શોક કરવાથી બની ગયેલ બનાવ માટે કંઇ અંશ પણ પલટી શકતો નથી અને બનેલું કે કરેલું અણબન્યું કે અણકર્યું થતું નથી તેમ તે નિશ્ચયપૂર્વક માને છે; જેથી સ્વતંત્ર મનુષ્ય શક્તિશાળી, શાંત તથા ન્યાયવાન હોય છે. સર્વ બાબતોમાં અને સર્વસ્થિતિઓમાં વિવેકપૂર્વક (વિવેકરૂપી દીવાના પ્રકાશમાં કામ કરે છે.) કે જે પ્રકાશ તેના હૃદયરૂપી સિંહાસન ઉપર તે પ્રેમની સાથે રહે છે, જેથી તેની દૃષ્ટિમાં, વચનમાં, કર્મમાં પાપ હોતું નથી. એ પ્રકારે આત્મા સ્વતંત્રતાના વિશાલ મંદિરમાં પ્રવેશ કરે છે. આનું નામ સાચી સ્વતંત્રતા, બાકી બધો વાણીવિલાસ યાને સ્વચ્છંદતા જાણવા. સ્વતંત્ર મનુષ્યોનું વર્તન ઉપરોકત હોય છે, જેથી સ્વતંત્રતાના ઇચ્છક મનુષ્યે તેવા થવા જરૂર ખરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# [૧]વર્ષાઋતુનું આગમન.

યોજક:—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા. એમ. એ.
( પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર, પુણ્યપત્તન. )

( ૧ )

ધીરે ધીરે દિવસ ઋતુના ગ્રીષ્મ સર્વે જતાં તો,
આવી વર્ષા સુખદ જગને વ્યોમમાં મેઘ વ્યાપ્યો;
એવી રીતે સકળ દિવસો કષ્ટના જાય વીતી,
મર્યાદા છે સુખ–દુ:ખતણી ચક્ર જેવી ફરંતી.

( ૨ )

દેખાડે છે ગગનતલમાં મેઘ ઘેરી છટાને,
જાણે સેના અમરગણની યુદ્ધ માટે પધારે;
નાના મોટા જલદ નભમાં વર્ણ [૨]નાના ધરીને,
મ્હાલે જાણે વિવિધ સુભટો [૩]ચિત્ર વસ્ત્રો સજીને.

( ૩ )

જેવી દીપે દ્યુતિ [૪]સમરમાં શ્રેણિની આયુધોની,
તેવી આજે ઝળક દીસતી અભ્રમાં દામિનીની;
સંગ્રામોમાં રણતૂરતણા થાય જેવા અવાજો,
મોટા તેવા ઘન સુણવતો ગર્જનાના ધ્વનિઓ.

( ૪ )

જામ્યું એવું તિમિરદળનું રાજ્ય ચારે દિશામાં,
ભાસે જેથી ગગન ધરિણી એકતાને વરેલાં;
ઇન્દ્રે કાઢ્યું નિજ શર વળી વ્યોમના ચોક વચ્ચે,
જેવો યોદ્ધો વિજય મળતાં રાષ્ટ્ર ઝુણ્ડો ઉઠાવે.

( ૫ )

પૃથ્વી તો જે તપિત થઇ'તી સૂર્યના [૫]રશ્મિજાળે,
ધીમે ધીમે ઘન દઇ રહ્યા આર્દ્રતા આજ તેને;
જેવો કોઇ ભ્રમિત મનનો મોહની વૃદ્ધિ થાતાં,
વામે ભ્રાન્તિ વિબુધ જનના સંગને જ્ઞાનદ્વારા.

( ૬ )

જેવી તૃપ્તિ તૃષિત જનને થાય છે નીર પીને,
તેવી શાન્તિ [૬]જલદ જળથી ભોગવે ભૂમિ સર્વે;

---

( ૧ ) " સરસ્વતી " ના આધારે. ( ૨ ) વિવિધ. ( ૩ ) વિચિત્ર. ( ૪ ) યુદ્ધમાં. ( ૫ ) કિરણ. ( ૬ ) મેઘના પાણીથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભા પામે નવનવી હવે ધાન્યથી મેદિની આ,
જાણે દેહે મનહર ધરે કામિની વેષ-ભૂષા.

( ૭ )

રૂપે શોભે તરુગણુ મૃદુ પલ્લવો પ્રાપ્ત થાતાં,
જેવા થાયે સદય સુજનો ધર્મને માર્ગ જાતાં;
વીંટી દે છે નિજ તનવડે વૃક્ષને [૭]વલ્લરીઓ,
વ્હાલાને શું વિજય મળતાં અર્પતી હાર રૂડો !

( ૮ )

[૮]ખદ્યોતો તો [૯]રુચિર રુચિથી શોભતા રાત્રિમાંહે,
દીસે ઉગ્યા તરુ પર બહુ તારલા દિવ્યરૂપે;
મેઘે પૂર્યા હ્રદ સર નદો સેંકડો વારિ સિંચી,
જેવી રીતે વણિક ભરતા કોષ વ્યાપાર ખેલી.

( ૯ )

પૂરી દે છે વિકટ રવથી દેડકા [૧૦]કોણુ ચારે,
ગાતાં સ્તોત્રો [૧૧]સરસ ધનનાં પૂર્ણ નિષ્કામ ભાવે;
ફૂલે ચંપા પ્રિયક સુમના સતપત્રા કેતકીને,
વર્ષા જાણે વિભવ નિજની સંપદાને બતાવે.

( ૧૦ )

[૧૨]ભૃંગો જાયે મુદિત થઇને એક ચંપેથી અન્યે,
છોડે શું ના બુધ જન સદા મૂર્ખ દોષી જનોને ?
ગુંજારે છે મધુર સ્વરથી પુષ્પસાર ગ્રહીને,
જાણે અર્થી વિશદ યશને [૧૩]દાયકોના સ્તવે છે.

( ૧૧ )

પીયૂ પીયૂ અવિરત રટે કોકિલા મસ્ત કંઠે,
ઉંચો કેકારવ કરી [૧૪]શિખી નાચતો ભવ્ય રીતે:
આ વર્ષાના પરમ સુખથી હર્ષઘેલો થઇને,
જાણે દેતો નિજ [૧૫]નિવદથી આશીષો [૧૬]નીરદોને.

( ૧૨ )

ઠંડો ઠંડો પવન વહતો ચિત્તને શાન્તિ દેતો,
ધીમે ધીમે મધુર [૧૭]સુરભિ પુષ્પની ચોરતોને;
એવી વર્ષા તપિત જગને હર્ષ દેતી પધારે,
એથી એને શુભ હૃદયથી પ્રાણી હેતે વધાવે.

---

(૭) લત્તાઓ. (૮) પતંગીઆ. (૯) મનોરંજક. (૧૦) ખૂણા. (૧૧) જળ સહિત. (૧૨) ભમરાઓ. (૧૩) દાતારો. (૧૪) મોર. (૧૫) અવાજથી. (૧૬) મેઘોને. (૧૭) સુગંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ત્યાગનો મહિમા.

અનુવાદકઃ—વિ. મૂ. શાહ.

द्रव्यत्यागे तु कर्माणि भोगत्यागे व्रतानि च ।
सुखत्यागे तपो योगं सर्वत्यागे समापना ॥

ત્યાગ શી વસ્તુ છે? 'જે ભાવમાં આપણા શરીરને સુખી બનાવવાની ચિંતા નથી હોતી, જ્યાં સ્વાર્થસિદ્ધિને મુખ્ય નથી સમજવામાં આવતી તેવી હૃદયની ઉદારવૃત્તિને ત્યાગ કહે છે.' જો ધ્યાનપૂર્વક જોઇએ તો આ સમસ્ત સંસારની સ્થિતિ જ ત્યાગ ઉપર જ અવલંબિત છે. જો એક પ્રાણી બીજા પ્રાણી માટે સ્વાર્થત્યાગ ન કરે તો આ સંસાર એક ક્ષણ પણ ન ટકી શકે.

આપણે જેટલા પદાર્થો પેટમાં નાંખીયે છીએ તે બધાનો મળ બનાવીને અપાનવાયુ ત્યાગ કરવાનું બંધ કરી દે તો આ શરીર કેટલો વખત ટકી શકે? જો વૃક્ષો દર વર્ષ પોતાના શરીરના પાંદડાઓનો ત્યાગ ન કરે તો તેની ઉન્નતિ કેવી રીતે હોઇ શકે? સૂર્યદેવ સમુદ્રમાંથી જેટલું જળ પીએ છે તેનો ત્યાગ જો વર્ષાઋતુમાં તે ન કરે તો સૃષ્ટિનો વ્યવહાર કેટલા દિવસ ચાલી શકે? આ સર્વ ઉપરથી એટલું જ સિદ્ધ થાય છે કે ત્યાગ જ સૃષ્ટિસ્થિતિનું પ્રધાન કારણ છે.

દુનિયામાં તે જ પુરૂષ શ્રેષ્ટ ગણાય છે કે જે સૌથી મોટો ત્યાગી હોય, કેમકે લોકોને માટે તે સૌથી વધારે ઉપયોગી છે. દાની પુરૂષ પણ ઉત્તમ અને આદરણીય ગણાય છે, પરંતુ તે ત્યાગીની બરોબરી નથી કરી શકતો. જો કે દાની પણ દ્રવ્યત્યાગ કરવાને કારણે ત્યાગી કહી શકાય છે, પરંતુ સૂક્ષ્મદૃષ્ટિએ વિચાર કરતાં એ બન્નેમાં સ્પષ્ટ તફાવત માલુમ પડી જશે. દાની તેને જ કહેવાય કે જે પોતાના દ્રવ્યનો અમુક ભાગ બીજાઓને માટે ખર્ચે છે અને ત્યાગી તેને કહેવાય કે જે પોતાનું કશું માનતો જ નથી. જેણે શરીર, મન, વચન અને બધા કર્મો તથા અહંભાવનો ત્યાગ કર્યો હોય છે એ જ સાચા ત્યાગી પુરૂષનું લક્ષણ છે. એવા જ ત્યાગીઓને કારણે આ સંસાર ટકી રહેલો છે. આવો ત્યાગી ભલે પર્વતની સૌથી અંદરની ગુફામાં બેસીને ચિંતન કરતો હોય કે સુમેરૂના શિખર ઉપર ઉભો રહીને ઉપદેશ આપી રહ્યો હોય, તે તો બન્ને સ્થળેથી સંસારની અપૂર્વ સેવા કરી રહ્યો છે. તેના આંદોલનો વાયુની સાથે ઉડીને આકાશમંડળમાં છવાઇ જાય છે અને ત્યાંથી પ્રાણીઓના મગજને ઉદ્વેલિત કર્યા કરે છે. જો આપણું વાતાવરણ એવા મહાપુરૂષો-ત્યાગીઓનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવિચારોની સુગંધથી સાફ ન થયા કરે તો આ સંપૂર્ણ સંસાર રૈરવ-નર્ક બની જાય અને પ્રાણીઓમાંથી સદ્‌વૃત્તિઓના ભાવોનો એકદમ લોપ થઇ જાય. એ સર્વત્યાગી મહાત્માઓના વિચારોમાંથી જ મનુષ્ય ત્યાગનું શિક્ષણ ગ્રહણ કરે છે. એટલા માટે જે સ્થાનમાં જેટલા અધિક ત્યાગવૃત્તિવાળા પુરૂષ હોય છે ત્યાંનું વાતાવરણ પણ તેટલું જ અધિક પવિત્ર હોય છે. અનંત આકાશ કે જે આપણને તદ્દન ખાલી જ દેખાય છે તે ખરી રીતે ખાલી નથી. તેમાં તો અસંખ્ય અનેક પ્રકારના પવિત્ર-અપવિત્ર આંદોલનો ભરેલા છે. જેના હૃદયમાં સદ્‌વૃત્તિઓનું પ્રાબલ્ય હોય છે તે તેમાંથી સદ્‌વૃત્તિઓ ગ્રહણ કરે છે અને જેમાં દુર્વૃત્તિઓનું જોર હોય છે તેઓ તેમાંથી દુર્વૃત્તિઓ ગ્રહણ કરે છે. પ્રત્યેક શ્વાસમાં આપણે આપણી અંદર કેવળ હવા જ લઇએ છીએ એમ નહિ, પણ આપણી સ્વાભાવિક પ્રવૃત્તિ અનુસાર સદ્‌વૃત્તિ તથા દુર્વૃત્તિઓના ભાવોને પણ હૃદયંગમ કરીએ છીએ. મને કે કમને ત્યાગની થોડી-ઘણી ભાવના સઘળા પ્રાણીઓને ગ્રહણ કરવી પડે છે, કેમકે એના વગર ચાલતું જ નથી. જે ત્યાગના ભાવોને હમેશાં ગ્રહણ કરવાના પ્રયત્ન કરે છે તેઓ અન્ય પ્રાણીઓની અપેક્ષાએ વધારે સુખી હોય છે. જે જેટલો વધારે ત્યાગી હોય છે તે તેટલો વધારે સુખી ગણાય છે.

માતા પોતાના સંતાનને માટે કેટલો મહાન્ ત્યાગ કરે છે. પહેલાં તો ગર્ભધારણ કરવામાં જ ભારે પીડા થાય છે. ગર્ભ રહ્યા પછી તેને દશ માસ સુધી પેટમાં એ ભાર સહન કરવો પડે છે. ગર્ભભારને લઇને તબિયત સારી નથી રહેતી, મન ચંચળ થઇ જાય છે, શરીર ફિક્કું પડી જાય છે, જીવ અકળાય છે, આ સર્વ દુઃખો તે પુત્ર માટે સહન કરે છે. પ્રસવ સમયની વેદના અકથ્ય છે તેનો અનુભવ પુરૂષને તો કદિ પણ નથી થઇ શકતો. એક સંકુચિત અતિ કોમળ માર્ગમાંથી પત્થર સમાન બચ્ચાનું મોટું મસ્તક અત્યંત કષ્ટ સહિત નિકળે છે. તે સમયે એવી કોણ માતા છે કે જે દુઃખ નથી લઇ ઉઠતી ? પ્રસવ પછી પણ તે વર્ષો સુધી બચ્ચાંના મળમૂત્ર વિનાસંકોચે સાફ કરે છે. કેટલો ત્યાગ ? માતાને આવા ત્યાગનું શિક્ષણ કયાંથી મળે છે ?

સુપત્નીના ત્યાગનો વિચાર કરતાં તો શરીર રોમાંચિત થઇ જાય છે. પતિની ખાતર તે પોતાના વ્હાલા માતા-પિતા, પોતાના સહોદર ભાઇઓને અને સઘળા સગાં-સંબંધીઓને તજીને પતિગૃહે આવીને રહેવા લાગે છે. પોતાનાં કુટુંબીઓનો જ ત્યાગ કરે છે એટલું જ નહિ, પણ પોતાના કુલગોત્રને પણ પતિના કુલગોત્રમાં મેળવી દે છે. તે સિવાય તે એકચિત્ત બનીને પતિના કાર્યોમાં સહયોગ કરે છે. પતિની ખાતર પોતાની સઘળી ઇચ્છાઓને દાબી દે છે. હમેશાં તેને પ્રસન્ન કરવા નિમિત્તે જ કાર્ય કરે છે. પતિની બીમારીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉજાગરા કરે છે. સર્વ રીતે પોતાનું શરીર તેને સમર્પિત કરીને સુખી બનાવે છે. પત્નીને આવા ત્યાગનો પાઠ કોણે શીખવ્યો ?

મનુષ્યમાં જે વિશેષતા છે તે એ છે કે તે સદ્ભાવોનું આદાન પોતાની પાસેના મનુષ્યો પાસેથી પણ કરી શકે છે, એટલા માટે મનુષ્યને માટે સત્સંગનો આટલો બધો મહિમા ગાવામાં આવ્યો છે. તમે ત્યાગીઓના સંસર્ગમાં રહેશો તો તમારી ભાવના ત્યાગમય થઇ જશે, અને જો તમારે સંસારી-વિષયી લોકોની સાથે સોબત હશે તો હમેશાં તમે વિષયોના ચિંતનમાં જ લાગેલા રહેશો.

ત્યાગ વગર કશું પણ કાર્ય નથી થતું, ધર્મની ખાતર ખરાબ વાતોનો ત્યાગ, દાન માટે દ્રવ્યનો ત્યાગ, પરોપકાર માટે સ્વાર્થનો ત્યાગ, તપ માટે ઇન્દ્રિયસુખનો ત્યાગ, મૈત્રી માટે કપટનો ત્યાગ, સેવા ખાતર આળસનો ત્યાગ, વિદ્યા ખાતર મોટપણાનો ત્યાગ અને મોક્ષની ખાતર સમસ્ત સંસારનો ત્યાગ કરવો પડે છે. ત્યારે જ ઇષ્ટસિદ્ધિ થઇ શકે છે. ત્યાગ સિવાય સિદ્ધિનો બીજો માર્ગ જ નથી. ત્યાગના માર્ગમાં સૌથી મોટું વિઘ્ન એ સ્વાર્થ ! જ્યાં પોતાનાં સુખનું ધ્યાન રાખવામાં આવે છે ત્યાં ત્યાગ નથી થતો. ત્યાગ નહિ થવાથી શાંતિ પણ નથી થતી. પરિણામ એ આવે છે કે ત્યાં આગળ કલહનું સામ્રાજ્ય થઇ રહે છે અને ચારે તરફ અશાંતિ પ્રસરી રહે છે. જો કોઇ પતિ પોતાનાં જ સ્વાર્થમાં મગ્ન રહે અને પોતાની પત્નીની જરૂરીયાતોની કંઇ પણ પરવા ન કરે તો ત્યાં દાંપત્ય-પ્રેમ કેવી રીતે સંભવે ? પત્ની પોતાના શરીરના જ શૃંગારમાં હમેશાં મગ્ન રહે અને પતિની ખાતર થોડો પણ સ્વાર્થત્યાગ ન કરે તો પરિવારમાં સુખનો સદ્ભાવ કયાંથી હોઈ શકે ? મિત્ર પોતાના મિત્રના પ્રત્યેક કાર્યમાં સંદેહ લાવવા લાગે, તેની ખાતર સંદેહનો ત્યાગ ન કરે તો મૈત્રીધર્મ કેટલા દિવસ નભી શકે ? શિષ્ય પોતાના ગુરૂની ખાતર પોતાની સઘળી ઇચ્છાઓનો ત્યાગ ન કરી દે તો તે સત્‌શિષ્ય બનીને કેવી રીતે સત્યનો સાક્ષાત્કાર કરી શકે ?

મોટી લડાઇઓ, મોટા ઝગડા, મોટી વિપત્તિઓ અને મોટા સંદેહ-સઘળું ત્યાગને લઇને જ ક્ષણવારમાં મટી જાય છે. જે ઝગડાને મટાડવો હોય ત્યાં એમ ન કહેવું કે એ તો મારો અધિકાર છે, ત્યાં તો રામચંદ્રજીની માફક એમજ કહી દેવું કે "જેવું અયોધ્યાનું રાજ્ય, તેવું જ જંગલનું રાજ્ય, લ્યો, હું વનમાં જાઉં છું." આમ કહેવાથી છેવટે દુશ્મન પણ તમારા પક્ષમાં આવી જશે. ત્યાગમાં સંદેહ કરવાનો અવકાશ જ નહિ. તે ત્યાગ ત્યાગ નથી કહેવાતો કે જે કર્યા પછી પસ્તાવું પડે. ત્યાગનું ફળ હમેશાં મીઠું જ હોય છે. તેને જે વખતે જેવી સ્થિતિમાં જે સ્થળે ખાશો ત્યાં તે મીઠું જ લાગશે. ત્યાગમાં સુખોપભોગની ઇચ્છા જ નથી રહેતી. ત્યાગ માટે કોઇ અન્ય સ્થળે જવાની જરૂર નથી. મનુષ્ય જયાં હોય ત્યાં, જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગમંત્રની દીક્ષા લઇ શકે છે. સાધારણ રીતે ત્યાગનો આ ક્રમ છે. આપણા પરિવારમાટે આપણા શરીરનાં સુખોનો ત્યાગ કરવો જોઇએ, કુટુંબની ખાતર, પરિવારના સ્વાર્થનો ત્યાગ, પોતાના ગામની ખાતર કુટુંબનો ત્યાગ, પ્રાંતની ખાતર ગામનો ત્યાગ, દેશની ખાતર પ્રાંતનો ત્યાગ, વિશ્વની ખાતર દેશનો ત્યાગ અને આત્માની ખાતર સર્વસ્વનો ત્યાગ કરવો શ્રેયસ્કર છે.

એવો કોઇ નિયમ નથી કે સૌએ એક જ જન્મમાં આ સઘળી સીડીયોને પાર કરવી જોઇએ. એવા અનેક મહાપુરૂષો હોય છે કે જેઓ અનેક જન્મોમાં પરિવાર, દેશ અને સંસારના સ્વાર્થના ત્યાગનો અભ્યાસ કરીને જ ઉત્પન્ન થયા હોય છે. તેવાઓને માટે કુટુંબ, દેશ અને સંસાર ફરી બનાવવાની આવશ્યકતા નથી. તેમ એવું પણ આવશ્યક નથી કે એક સ્થિતિના અંત સુધી પહોંચ્યા વગર બીજીમાં પ્રવેશ ન કરાય, પરંતુ એટલું તો સૌએ યાદ રાખવું કે તરવાનો એકમાત્ર સર્વોત્તમ ઉપાય ત્યાગ જ છે. તેથી છેવટે સૌએ ત્યાગી બનવાનો પ્રયત્ન કરવો જોઇએ. એક જન્મમાં, બે જન્મમાં, દશ, વીશ કે લાખો જન્મમાં ત્યાગી બન્યા વગર કલ્યાણ નથી. વર્ણાશ્રમ-ધર્મનું અંતિમ ધ્યેય ત્યાગ છે. ત્યાગ કર્યા વગર કોઇપણ નિરામય કે સુખી નથી થઇ શકતું. સર્વસ્વના ત્યાગ વગર કલ્યાણ નથી, એટલે જ કહ્યું છે કેઃ—

धर्मं चापि त्यजाधर्मं त्यज सत्यानृतां धियम् ।
सर्वं त्यक्त्वा स्वरूपस्थः सुखी भव निरामयः ॥

# જૈન સમાજમાં કલેશ અને તેનું પરિણામ.

**પાણી આગને ઠારે છે, તે પાણીમાંથી ઉઠેલો દાવાનળ મહાસાગરોને પણ રણ બનાવી મૂકે છે.**

ભગવાન્ મહાવીરે જૈનધર્મના સાત્વિક વિભાગમાં શ્રમણોને ઉચ્ચ કોટિએ સ્થાપી તેની પરીક્ષા માટે જ એક સૂત્ર બનાવ્યું કે उवसम खु सामणणम् “ જ્યાં ક્ષમા છે ત્યાં સાધુતા છે ” સાથે સાથે એ પણ અચુક લખી રાખ્યું કે विणयमूलो धम्मो ‘ જ્યાં વિનય છે ત્યાં ધર્મ છે ” ઉચ્છૃંખલતા છે ત્યાં અધર્મ છે. આ સૂત્રોનો વારસો મેળવનાર જૈનો અત્યારે ક્યાં ઉભા છે, તે વિચારવાની તકલીફ લેશે કે ?

“ જૈન સાધુ એટલે જગતની અજોડ ત્યાગ મૂર્તિ ” આ સિદ્ધાંત હજી પણ વ્યાપક છે. આવા ૫૦૦૦ ત્યાગી નિર્યામકો હોવા છતાં જૈન સમાજ અધઃપાતની સીડી ઉતરે એ ખરેખર શરમાવનારી ઘટના લેખાય.

અનુકરણીય વાત છે કે સ્થાનકમાર્ગી જૈન સમાજ ઉત્થાનની ઉષાને નોતરી રહ્યો છે, જ્યારે પોતાને મૂળ વારસદાર માનતો સંવેગી-જૈન સમાજ, વીરશાસનના ઉદ્ધારમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમૂલો ફાળો આપનાર પૂજ્યપાદ વિજયાનંદસૂરીશ્વર ( શ્રી આત્મારામજી ) મહારાજના જ બે શિષ્યોના મનોભેદના કારણે છિન્ન ભિન્ન થઇ રહ્યો છે. આ કલેશે એવું ઉગ્ર સ્વરૂપ લીધું છે કે પ્રાયઃ ગુજરાતમાં ઘરોઘર અશાંતિની ચીણગારીઓ મુકાઇ ચૂકી છે.

દેશ સંઘબળને નોતરે છે, સમાજ ઐક્યાતાની હાકલ પાડે છે, પ્રત્યેક ધર્મો એકદિલીની સારંગી છેડે છે ત્યારે સ્યાદ્વાદના ઉપાસક જૈનો પોતાના ઘરમાં કુસંપને પધરાવે, એ અજ્ઞાનતાને શી ઉપમા આપવી ?

નવા જૈનો બનાવવાની વાત દૂર રહી. જૈનોને સ્થિર રાખી રક્ષણ કરવાનું બાજુપર રહ્યું. અત્યારે તો એવું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે કે-જેની હવામાત્રથી કુમળા જૈનો ધર્મ વિમુખ જ બને એટલે આ વીસમી સદીમાં શાસન નિંદાએ જ શાસનપ્રભાવનાનું સ્થાન લીધું છે.

આ કલેશના ફળો કેવા પાકયા છે, તે વર્તમાન સમાજને સમજાવવાની જરૂર નથી. હમેશાં ન્યુસ-પેપરોમાં તેના ભવાડાઓ આવ્યા જ કરે છે. સવાર પડે ને નવનવા કિસ્સાઓ સંભળાય છે. એવું સ્વપ્ન પણ નથી આવતું કે જે વ્હાણામાં શાંતિના નાદો સંભળાય એટલે એ વાતો જણાવવા આ **અપીલ** નથી, પણ વર્તમાન કલેશાગ્નિએ ધર્મનિંદા-શાસનગર્હણામાં કેટલો હિસ્સો આપ્યો છે તેના બે ત્રણ દાખલા જ ટાંકવાં છે. હું જરૂર માનુ છું કે બન્ને આચાર્યવર્યો આ વસ્તુ વિચારી ભવભીરૂપણે કૈં આશાજનક અમીભાવોથી દૃષ્ટિકોણોને ભીંજવશે અને બાહોશ ગણાતા જૈન આગેવાનો મુત્સદ્દીપણે તેનો નિકાલ લાવવા ઉત્કંઠિત થશે.

સંવેગી સાધુઓને નિંદવામાં આનંદ માનનારાઓ " જૈન-વીરશાસનની " કાપલીઓની ફાઇલ તૈયાર કર્યે જાય છે, જેનો ઉપયોગ ચાર દિવાલ વચ્ચેના જાહેર વ્યાખ્યાનમાં છુટથી થાય છે. એક પ્રતિષ્ઠિત મનાતા સાધુ માટે સંવેગી સમાજનું પેપર શું કહે છે તે લાગણીપૂર્વક વંચાય છે. પછી તેના જ ગુરૂભાઇ માટે બીજા સંવેગી પત્રના જ અભિપ્રાયો રજુ કરાય છે ( જૈન-શાસન, એડવોકેટ, જીવનની ફાઇલોમાંથી તેની સાહેદી અપાય છે. ) એકંદરે આ દરેક સાધુઓ આવા જ છે, જે તેના પેપરો જ કહે છે; તેમના પૂર્વાચાર્યો પણ તેવા જ હશે જેનાં વચનો આગમ કેમ મનાય ? ઇત્યાદિક ઠસાવી-ગુરૂ-કુગુરૂનું વર્ણન કરવામાં આવે છે.

આ સાંભળી શ્રોતાઓનું દીલ હચમચી ઉઠે છે, તેમના હૃદયમાં વિચારોનું તુમુલ મંથન ચાલે છે, આ મંથનમાંથી શું નવનીત નીકળે ? તે તો ધર્મપ્રેમી જૈનો સ્વયં જ વિચાર કરી લ્યે.

એક ભાઇ કોરટમાં ગયા. પક્ષભેદનો કેસ હતો. સામાપક્ષવાળાએ ઇરાદાપૂર્વક વકીલોની વચ્ચેજ શ્વેતાંબર-સાધુ-કલેશ પ્રકરણ છંછેડયું. ( આ વારસો અમોને પંડિતપાર્ટી, બાણુપાર્ટી કે ચર્ચાસાગરથી મલ્યો છે એમ જઘડો કરવો જ ન હતો ) આ સાંભળી તેનું દીલ ઘવાયું. પોતે કેવી ઓશીયાળી દશામાં મૂકાયો છે તેનું ભાન થયું. તેનો કેસ માટેનો ઉત્સાહ ઓસરી ગયો.

બન્ને આચાર્યો આ સ્થીતિનો વિચાર કરી કૈં તોડ લાવશે કે ?

મારી પાસે એક કાર્ટૂન આવ્યું છે, જેનું આછું સ્વરૂપ આ પ્રમાણે છે. " એક નગ્ન પુરૂષ, વસ્ત્રાવૃત મુખવાળી બે વ્યકિતઓ, ધોળા કાળા વસ્ત્રધારી પુરૂષો, સકલાગમરહસ્યવેદી તથા સમયધર્મપ્રરૂપક એક કલ્પવૃક્ષને બાળવાનો-કાપવાનો-તોડવાનો અને ખેંચવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એક સૂરિચક્રવર્તિ ઉંચે બેસી ચપટી વાલી બેપરવાઇથી જોઇ રહેલ છે "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ટૂનકારનો ઉદ્દેશ આ માર્મિકતાથી સ્હેજે કલ્પી શકાય તેવો છે.

ગામને મોઢે ગરણું બંધાતુ નથી. તેમજ આવા વ્યંગચિત્રોની ઉત્પત્તિમાં ચિત્રકારો કરતાં તેવી તક આપવા માટે આપણે વધારે જવાબદાર છીએ. ન માલુમ ભવિષ્યમાં આવું આવું શુંય આળેખશે ?

હું તો એ જ નિર્ધાર કરી શકયો છું કે પૂજ્યપાદ શ્રી વિજયવલ્લભસૂરિજી તથા પૂજ્યપાદ શ્રી વિજયદાનસૂરિજી ધારે તો એક મીનીટમાં જ આનો નિકાલ લાવી શકે-ધર્મ નિંદા અટકાવી શકે.

આ ઉપરાંત તટસ્થ રહેલ મુનિમંડળ તથા ગૃહસ્થવર્ગ આ બાબતમાં સૌ કૈં કરવ નિશ્ચય કરે તો સફલતા મેળવવી દુર્લભ નથી. લે૦

સં. ૧૯૮૮ અ. શુ. ૧ | તે આચાર્યપૂંગવોનો લઘુતમ,
રોશન મહોલ્લા, આગ્રા. | સેવક દર્શનવિજય.

# સ્વીકાર અને સમાલોચના.

**સિરિ–સિરિવાલકહા** ભાગ ૧ લો૦ **શ્રી** રત્નશેખરસૂરિકૃત ( પ્રાકૃત ) **સંપાદક વાડીલાલ જીવાભાઇ ચોકસી બી. એ.** જૈન કથા સાહિત્યમાંહેનો આ એક સુંદર ગ્રંથ છે કે જે આ વર્ષે યુનીવરસીટીએ પ્રીવીયસ કલાસમાં ટેકસ્ટ બુક તરીકે મંજુર કરેલ છે. આ બુક એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે, કોલેજમાં કે ખાનગી અભ્યાસ કરતાં પ્રાકૃત ભાષાના જિજ્ઞાસુને અભ્યાસમાં સરલ પડે અને જૈનધર્મના અમુક તત્ત્વોનો પરિચય થાય, તેવી રીતે તેની સંકલના કરેલી છે. સાથે અંગ્રેજીમાં આપેલ ભાષાંતર ઇંગ્લીશ જાણનારને પણ લાભદાયક નિવડે તેમ છે. સંપાદક મહાશય અર્ધમાગધી ઓનર્સ સાથે ગુજરાત કોલેજમાં બી. એ. પસાર થયેલા, તેમજ ફેલો તરીકે પણ નિમાયેલ હોવાથી તેમજ હાલ એમ. એ. નો અભ્યાસ અર્ધમાગધી ભાષા લઈ કરતાં હોવાથી પોતાની વિદ્વતાનો સંપૂર્ણ પરિચય તેમણે લખેલ ઇંગ્લીશ નોટ અને પ્રસ્તાવનાથી સારો આપ્યો છે. જૈનધર્મ પાળતા એક વિદ્વાન પુરૂષના હાથે આવા ગ્રંથો પ્રકાશિત થાય તે સમાજે ખુશી થવા જેવું છે. ગુજરાત કોલેજના પ્રોફેસર **અભ્યંકર સાહેબે** આ ગ્રંથની ફોરવર્ડ ( ઉપોદ્દઘાત ) લખી આ ગ્રંથની સુંદરતામાં વૃદ્ધિ કરી છે. સાથે શ્રી સિદ્ધચક્રજીની છબી આપી ગ્રંથને પ્રમાણભૂત બનાવ્યો છે.

આ મૂળ ગ્રંથ ઉપરથી શ્રીપાલના રાસની રચના શ્રી વિનયવિજયજી તથા શ્રી યશોવિજયજી મહારાજે કરી છે, કે જે રાસ દર વર્ષે ઓળીના દિવસોમાં વંચાય છે. આ ગ્રંથનો બીજો ભાગ સંપાદક તરફથી હવે પછી પ્રસિદ્ધ થશે. સંપાદકશ્રીએ તે ભાષાના અભ્યાસીઓ માટે એક આવશ્યક પાઠ્ય પુસ્તક તૈયાર કરેલું છે એમ અમો માનીએ છીએ. આવી શૈલીથી પાઠ્ય પુસ્તકો તૈયાર થવાની હવે પછી જરૂર છે. અર્ધમાગધી ભાષાના કથા સાહિત્ય તરીકે એક અતિ ઉપયોગી ગ્રંથની આવકારદાયક આ વૃદ્ધિ અમો માનીએ છીએ. કિંમત રૂા. ૨–૮–૦ મળવાનું ઠેકાણું.

સંપાદકને ત્યાંથી ઠે૦ અમદાવાદ, નાગજી ભુદરની પોળ.

ભાવનગર, શ્રીયુત પ્રતાપરાય મોદી. શામળદાસ કોલેજ, પ્રોફેસર ઓફ સંસ્કૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજના અંકનો વધારો.

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

તરફથી

## પ્રકટ થયેલ ગ્રંથોનું

( જેમાં સંસ્કૃત, માગધી, ગુજરાતી ભાષાના તથા જૈન ઐતિહાસિક વિગેરે છે. )

# સૂચીપત્ર.



આત્મ સંવત ૩૩

વીર સંવત ૨૪૫૫ વીક્રમ સંવત ૧૯૮૫ સને ૧૯૨૯

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ( સંસ્કૃત માગધી અને મૂળ ટીકાના ગ્રંથો. )

| | | |
|---|---|---|
| +૧ | શ્રી સમવસરણ સ્તવઃ ... | ૦-૧-૦ |
| +૨ | ક્ષુલ્લક ભવાવલિ પ્રકરણમ્ ... | ૦-૧-૦ |
| +૩ | શ્રી લોકનાલિદ્વાત્રિંશિકા ... | ૦-૨-૦ |
| +૪ | શ્રી યોનિસ્તવઃ ... ... | ૦-૧-૦ |
| +૫ | શ્રીકાલસપ્તતિકાભિધાન પ્રકરણમ્ | ૦-૧-૬ |
| +૬ | દેહ સ્થિતિ સ્તવઃ ... ... | ૦-૧-૦ |
| +૭ | શ્રી સિદ્ધદંડિકા ... ... | ૦-૧-૦ |
| +૮ | શ્રી કાયસ્થિતિ સ્તોત્રાભિધાન પ્રકરણમ્ ... ... ... | ૦-૨-૦ |
| +૯ | શ્રી ભાવપ્રકરણમ્ ... ... | ૦-૨-૦ |
| +૧૦ | નવતત્વભાષ્ય ... ... | ૦-૧૨-૦ |
| +૧૧ | વિચાર પંચાશિકા ... ... | ૦-૨-૦ |
| +૧૨ | બંધ ષટ્ત્રિંશિકા ... ... | ૦-૨-૦ |
| +૧૩ | પરમાણુ ખન્ડ ષટ્ત્રિંશિકા—પુદ્ગલ ષટ્ત્રિંશિકા–નિગોદ ષટ્ત્રિંશિકા ... ... ... | ૦-૩-૦ |
| +૧૪ | સાવચૂરિકં શ્રાવકવ્રતભંગ પ્રકરણમ્ ... ... ... | ૦-૨-૦ |
| +૧૫ | દેવ વન્દન–ગુરૂવન્દન–પ્રત્યાખ્યાન ભાષ્યત્રયમ્ ... ... ... | ૦-૫-૦ |
| ૧૬ | સિદ્ધ પંચાશિકા ... ... | ૦-૨-૦ |
| ૧૭ | અન્નાય ઉંચ્છ કુલકમ્ ... | ૦-૨-૦ |
| ૧૮ | વિચાર સપ્તતિકા ... ... | ૦-૩-૦ |
| ૧૯ | અલ્પ બહુત્વગર્ભિતં શ્રી મહાવીર સ્તવનમ્ ... ... ... | ૦-૨-૦ |
| ૨૦ | પંચસૂત્રમ્ ... ... ... | ૦-૬-૦ |
| ૨૧ | શ્રી જમ્બૂસ્વામિ ચરિતમ્ ... | ૦-૪-૦ |
| ૨૨ | શ્રી રત્નપાલ નૃપકથાનકમ્ ... | ૦-૫-૦ |
| ૨૩ | સૂક્ત રત્નાવલી ... ... | ૦-૪-૦ |
| ૨૪ | મેઘદૂત સમસ્યા લેખઃ ... | ૦-૪-૦ |
| ૨૫ | ચેતોદૂતમ્ ... ... ... | ૦-૪-૦ |
| +૨૬ | શ્રી પર્યુષણા પર્વાષ્ટાન્હિકા વ્યાખ્યાનમ્ ... ... ... | ૦-૬-૦ |
| +૨૭ | ચંપકમાલા કથા ... ... | ૦-૬-૦ |
| +૨૮ | સમ્યક્ત્વ કૌમુદી ... ... | ૦-૧૨-૦ |
| +૨૯ | શ્રાદ્ધ ગુણવિવરણમ્ ... | ૧-૦-૦ |
| +૩૦ | ધર્મ રત્ન પ્રકરણમ્ ... ... | ૦-૧૨-૦ |
| +૩૧ | શ્રી કલ્પસૂત્રમ્ સુબોધિકા ... | ૦-૦-૦ |
| +૩૨ | ઉત્તરાધ્યયનસૂત્ર ... ... | ૫-૦-૦ |
| +૩૩ | ઉપદેશ સપ્તતિકા ... ... | ૦-૧૩-૦ |
| +૩૪ | કુમારપાળ પ્રબન્ધ ... ... | ૧-૦-૦ |
| +૩૫ | શ્રી આચારોપદેશ ... ... | ૦-૩-૦ |
| +૩૬ | શ્રી રોહિણી-અશોકચંદ્ર કથા | ૦-૨-૦ |
| +૩૭ | ગુરૂ ગુણ ષટ્ ત્રિંશત્ ષટ્ત્રિંશિકા કુલકમ્ ... ... ... | ૦-૧૦-૦ |
| +૩૮ | શ્રી જ્ઞાનસાર સૂત્રમ્ ... ... | ૧-૪-૦ |
| ૩૯ | સમયસાર પ્રકરણમ્ ... | ૦-૧૦-૦ |
| +૪૦ | સુકૃત સાગર ... ... ... | ૦-૧૨-૦ |
| +૪૧ | ધમ્મિલ કથા ... ... ... | ૦-૨-૦ |
| ૪૨ | પ્રતિમા શતકમ્ ... ... | ૦-૮-૦ |
| +૪૩ | ધન્ય કથાનકમ્ ... ... | ૦-૨-૦ |
| +૪૪ | ચતુર્વિંશતિ જિનસ્તુતિ સંગ્રહ | ૦-૬-૦ |
| +૪૫ | રૌહિણેય–કથાનકમ્ ... ... | ૦-૨-૦ |
| +૪૬ | લઘુક્ષેત્ર સમાસ પ્રકરણમ્ ... | ૧-૦-૦ |
| +૪૭ | બૃહત્સંગ્રહણી ... ... | ૨-૮-૦ |
| +૪૮ | શ્રાદ્ધ વિધિ ... ... ... | ૨-૮-૦ |
| +૪૯ | ષડ્ દર્શન સમુચ્ચયઃ ... | ૩-૦-૦ |
| +૫૦ | પંચ સંગ્રહ ... ... ... | ૩-૮-૦ |
| ૫૧ | સુકૃત સંકીર્તનમ્ ... ... | ૦-૮-૦ |
| +૫૨ | સટીકાશ્ચત્વારઃપ્રાચીનાઃ કર્મગ્રન્થા | ૨-૮-૦ |

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



+૫૩ સમ્બોધ સપ્તતિ: ... ... ૦–૧૦–૦
+૫૪ કુવલયમાલા કથા ... ... ૧–૮–૦
૫૫ સામાચારી પ્રકરણ આરાધક વિ-
રાધકચતુર્ભંગી પ્રકરણમ્... ૦–૮–૦
૫૬ કરૂણા વજ્રાયુદ્ધ નાટકમ્ ... ૦–૪–૦
+૫૭ કુમારપાળ ચરિત્ર મહાકાવ્યમ્ ૦–૮–૦
૫૮ મહાવીરચરિયં ... ... ૧–૦–૦
૫૯ કૌમુદી મિત્રાનન્દમ્... ... ૦–૬–૦
૬૦ પ્રબુદ્ધરોહિણેયમ્ ... ... ૦–૫–૦
૬૧ ધર્માભ્યુદયમ... ... ... ૦–૪–૦
૬૨ પંચનિર્ગ્રન્થીપ્રજ્ઞાપનોપાંગ તૃતીય
પદ સંગ્રહણી પ્રકરણ ... ૦–૬–૦
૬૩ રયણસેહરી કહા ... ... ૦–૬–૦
૬૪ સિદ્ધ પ્રાભૃતં સટીકમ્ ... ૦–૧૦–૦
૬૫ દાનપ્રદીપ ... ... ... ૨–૦–૦
૬૬ બંધહેતૂદય ત્રિભંગી.પ્રકરણ ૦–૧૦–૦
૬૭ ધર્મ પરીક્ષા ... ... ... ૧–૦–૦
૬૮ સપ્તતિશત સ્થાન પ્રકરણમ્... ૧–૦–૦
૬૯ ચેઇઅ વંદણ મહાભાસં ... ૧–૧૨–૦
૭૦ પ્રશ્ન પદ્ધતિનામા ગ્રન્થ: ... ૦–૨–૦
+૭૧ શ્રી કલ્પસૂત્રમ્ કિરણાવલી ... ૦–૦–૦
૭૨ યોગદર્શન તથા યોગવિંશિકા ૧–૮–૦
૭૩ મંડલ પ્રકરણં ... ... ૦–૪–૦
૭૪ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણમ્ ... ૦–૧૨–૦
૭૫ ચન્દ્રવીરશુભા–ધનધર્મ–સિદ્ધ–
દત્તકપિલ–સુમુખ નૃપાદિમિત્ર
ચતુષ્ક–કથા ચતુષ્ટયમ્ ... ૦–૧૧–૦
૭૬ જૈન મેઘદુતમ્ ... ... ૨–૦–૦
૭૭ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ... ૦–૮–૦
૭૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય: ... ... ૩–૦–૦
૭૯ ચતુર્વિંશતિ "ઐંદ્રસ્તુતિ" ... ૦–૪–૦
વસુદેવ હીંડી. ભાગ ૧ લો... છપાય છે.

## ( વગર નંબરના )

૧ સુસઢ ચરિત્ર ... ... ૦–૨–૦
+૨ જલ્પ મંજરી... ... ... ૦–૨–૦
+૩ સુદર્શના ચરિત્ર (પ્રથમભાગ) ૦–૬–૦
૪ અનુત્તરોવવાઇ સૂત્ર... ... ૦–૬–૦
૫ નળ દમયંતી મૂળ ... ... ભેટ.
+૬ જૈન વૃત્ત ક્રિયા વિધિ. ... ભેટ.
+૭ સાધુ આવશ્યક ક્રિયાનાં સૂત્રો ભેટ.
૮ નયોપદેશ ... ... ... ૧–૦–૦
૯ શ્રીપાળ ચરિત્ર ... ... ૦–૪–૦
૧૦ ગાંગેય ભંગ પ્રકરણ ... ... ૦–૪–૦
૧૧ મૃગાંક ચરિત્ર ... ... ... ૦–૪–૦

## પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથો.

+૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી ... ... ૧–૦–૦
+૨ કૃપારસકોષ ... ... ૧–૦–૦
+૩ શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ... ૦–૧૦–૦
+૪ પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૧ લો. ... ... ... ૧–૦–૦
૫ દ્રૌપદી સ્વયંવરમ્ ... ... ૦–૪–૦
૬ પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભા.૨ જો ૩–૮–૦
૭ જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય. ... ... ... ૨–૧૨–૦

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાના-ભાષાંતર વિગેરેના ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈન તત્વાદર્શ ... ... | ૫-૦-૦ |
| ૨ | શ્રી નવતત્વનો સુંદરબોધ. ... | ૦-૧૦-૦ |
| +૩ | દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રાર્થ | ૦-૩-૦ |
| ૪ | શ્રી જીવવિચાર વૃત્તિ ... ... | ૦-૬-૦ |
| +૫ | શ્રી અજ્ઞાનતિમિર ભાસ્કર ... | ૨-૮-૦ |
| +૬ | શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| +૭ | વિવિધ પૂજા સંગ્રહ ... ... | ૧-૮-૦ |
| ૮ | શ્રી દંડક વૃત્તિ... ... ... | ૦-૮-૦ |
| ૯ | શ્રી નયમાર્ગ દર્શક ... ... | ૦-૧૨-૦ |
| ૧૦ | હંસ વિનોદ ... ... ... | ૦-૧૨-૦ |
| +૧૧ | વિવિધ પૂજાસંગ્રહ બીજી આવૃત્તિ | ૧-૮-૦ |
| ૧૨ | કુમાર વિહાર શતક ... ... | ૧-૮-૦ |
| ૧૩ | શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર બીજી આવૃત્તિ... ... ... | ૦-૮-૦ |
| ૧૪ | શ્રી જૈન તત્ત્વસાર મૂળ તથા ભાષાંતર. ... ... ... | ૦-૬-૦ |
| +૧૫ | ,, ભાષાંતર ... ... | ૦-૨-૦ |
| ૧૬ | શ્રી આત્મ વલ્લભ જૈન ... સ્તવનાવલી ... ... ... | ૦-૬-૦ |
| ૧૭ | શ્રી મોક્ષપદ સોપાન ... ... | ૦-૧૨-૦ |
| ૧૮ | ધર્મ બીન્દુ ગ્રંથ આવૃતી બીજી | ૨-૦-૦ |
| ૧૯ | શ્રી પ્રશ્નોત્તર પુષ્પમાળા ... | ૦-૧૪-૦ |
| +૨૦ | ધ્યાન વિચાર ... ... ... | ૦-૩-૦ |
| ૨૧ | શ્રી શ્રાવક કલ્પતરૂ ... ... | ૦-૬-૦ |
| ૨૨ | શ્રી આત્મપ્રબોધ ભાષાંતર ... | ૨-૮-૦ |
| +૨૩ | શ્રી આત્મોન્નતિ ... ... | ૦-૧૦-૦ |
| +૨૪ | શ્રી પ્રકરણ પુષ્પમાળા ... | ૦-૬-૦ |
| ૨૫ | શ્રી જંબુસ્વામિ ચરિત્ર ... | ૦-૮-૦ |
| ૨૬ | જૈન ગ્રંથ ગાઇડ. ... ... | ૧-૦-૦ |
| ૨૭ | શ્રી નવાણું પ્રકારી પૂજા ... ( અર્થ સહિત ) ... ... | ૦-૮-૦ |
| ૨૮ | શ્રી તપોરત્ન મહોદધિ ભા.૧-૨. | ૧-૦-૦ |
| ૨૯ | શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ. ... | ૦-૪-૦ |
| +૩૦ | શ્રી શ્રાદ્ધગુણ વિવરણ ભાષાંતર | ૨-૦-૦ |
| ૩૧ | શ્રી ચંપકમાળા ચરિત્ર ... | ૦-૮-૦ |
| +૩૨ | કુમારપાળ ચરિત્ર ... ... | ૦-૬-૦ |
| ૩૩ | સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર ... | ૧-૦-૦ |
| ૩૪ | શ્રી પ્રકરણ પુષ્પમાળા ... ( દ્વિતીય પુષ્પ ) ... ... | ૦-૮-૦ |
| +૩૫ | શ્રી અનુયોગદ્વાર સૂત્ર... ... | ૦-૫-૦ |
| ૩૬ | શ્રી અધ્યાત્મમત પરિક્ષા ... | ૦-૪-૦ |
| ૩૭ | શ્રી ગુરૂ ગુણમાળા ... ... | ૦-૬-૦ |
| ૩૮ | શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦-૫-૦ |
| +૩૯ | શ્રી આત્મ કાન્તિ પ્રકાશ ... | ૦-૪-૦ |
| ૪૦ | શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ ... | ૦-૮-૦ |
| +૪૧ | શ્રી દેવભક્તિમાળા પ્રકરણ ... | ૧-૦-૦ |
| ૪૨ | શ્રી ઉપદેશ સપ્તતિકા ... ... | ૧-૦-૦ |
| ૪૩ | શ્રી સંબોધ સપ્તતિકા ... ... | ૧-૦-૦ |
| ૪૪ | શ્રી પંચ પરમેષ્ઠિ ગુણ રત્નમાળા | ૧-૮-૦ |
| ૪૫ | સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા. ... ... ... ... | ૧-૦-૦ |
| ૪૬ | શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર ... | ૨-૦-૦ |
| ૪૭ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા ૧લો | ૨-૦-૦ |
| ૪૮ | આદર્શ જૈન સ્ત્રી રત્નો ... | ૧-૦-૦ |
| ૪૯ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા ૨જો | ૨-૮-૦ |
| ૫૦ | શ્રીદાનપ્રદીપ... ... ... | ૩-૦-૦ |
| ૫૧ | શ્રીનવપદજી પૂજા (અર્થ સહિત) | ૧-૪-૦ |
| ૫૨ | કાવ્ય સુધાકર ... ... ... | ૨-૮-૦ |
| ૫૩ | શ્રી આચારોપદેશ ... ... | ૦-૮-૦ |
| ૫૪ | ધર્મરત્ન પ્રકરણ ... ... | ૧-૦-૦ |
| ૫૫ | શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર ( અર્થ સહિત ) ... ... ... | ૧-૧૨-૦ |
| ૫૬ | શ્રી આત્મવિશુદ્ધિ ... ... | ૦-૬-૦ |

+ આ નિશાનીવાળા પુસ્તકો શીલીકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૫૭ કુમારપાળ પ્રતિબોધ... ... | ૩-૧૨-૦ |
| ૫૮ જૈન નરરત્ન " ભામાશાહ "... | ૨-૮-૦ |
| ૫૯ આત્માનંદ સભાની લાઇબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ.... ... | ૦-૧૪-૦ |
| ૬૦ શ્રી વિમલનાથ ચરિત્ર ... | ૧-૧૨-૦ |
| શ્રી પ્રભાવક ચરિત્ર ... | છપાય છે. |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ... ... | " |
| શ્રી મહાવીર સ્વામિ ચરિત્ર... | " |

# અન્ય ગ્રન્થો.

| | |
|---|---|
| તત્ત્વનિર્ણય પ્રાસાદ... ... | ૧૦-૦-૦ |
| અભયકુમાર ચરિત્ર ભા, ૧ લો. | ૨-૪-૦ |
| અભયકુમાર ચરિત્ર ભા. ૨ જો. | ૩-૦-૦ |
| સઝાયમાળા ભાગ ૧ થી ૪ દરેકના... | ૨-૮-૦ |
| કર્મગ્રંથ હિંદી ભા. ૧ લો. (હીંદી) | ૧-૪-૦ |
| સદર ભા. ૨ જો. („) | ૦-૧૨-૦ |
| સદર ભા. ૩ જો. („) | ૦-૮-૦ |
| સદર ભા. ૪ થો. („) | ૨-૦-૦ |
| દંડક ... ... („) | ૦-૩-૦ |
| વિતરાગ સ્તોત્ર ... („) | ૦-૩-૦ |
| સજ્જન સન્મિત્ર ... ... | ૪-૦-૦ |
| સિદ્ધાંત મુક્તાવલી ... ... | ૦-૧૦-૦ |
| જૈનભાનુ ... ... ... | ૦-૮-૦ |
| વિમલ વિનોદ ... ... | ૦-૧૦-૦ |
| વિશેષ નિર્ણય ... ... | ૦-૪-૦ |
| અવિદ્યા અંધકાર માર્તંડ ... | ૦-૪-૦ |
| શ્રી નવપદજી પૂજા શ્રી ગંભીર વિ કૃત | ૦-૨-૦ |
| પૂજાસંગ્રહ શાસ્ત્રી વિજયાનંદ સૂરિ-વિજયવલ્લભસૂરિ-શ્રીહંસવિ. મ. કૃત. | ૧-૪-૦ |
| આત્મવલ્લભ પૂજા સંગ્રહ ... | ૧-૮-૦ |
| સત્તરભેદી પૂજા ( હારમોનીયમ નોટીસન સારીગમ સાથે... ... | ૦-૪-૦ |
| જૈનસતી રત્નો ( સચિત્ર ) ... | ૧-૪-૦ |
| જૈનગીતા ... ... ... | ૧-૦-૦ |
| પ્રમેય રત્ન કોષ ... ... | ૦-૮-૦ |
| ચૈત્યવંદન ચોવીશી ... ... | ૦-૬-૦ |
| પ્રાણુપ્રેમ પુષ્પમાળા .. ... | ૧-૪-૦ |
| ધર્મ અને જીવન ... ... | ૦-૩-૦ |
| મહિલા મહોદય ભા. ૧-૨ દરેકના | ૨-૮-૦ |
| જૈન મહાભારત સચિત્ર... ... | ૬-૦-૦ |
| રાજકુમારી સુદર્શના... ... | ૩-૦-૦ |
| મલયા સુંદરી ... ... | ૨-૮-૦ |
| શ્રીપાળ રાજાનો રાસ (સાર્થ સચિત્ર) | ૨-૦-૦ |
| સમ્મેતશિખર ચિત્રાવલી ... | ૨-૮-૦ |
| ઉત્તમ કુમાર ( સચિત્ર ) ... | ૧-૪-૦ |
| નારચન્દ્ર જ્યોતિષ ... ... | ૩-૦-૦ |
| ભદ્રબાહુ સંહિતા ... ... | ૨-૦-૦ |
| વિવેક વિલાસ ( સચિત્ર ) ... | ૩-૦-૦ |
| સમરાદિત્ય કેવળી ચરિત્ર ... | ૫-૦-૦ |
| પૂજા સંગ્રહ સચિત્ર ભા. ૧ થી ૭ | ૫-૦-૦ |
| નવપદ ઓળી વિધિ... ... | ૦-૧૨-૦ |
| નવપદજી મંડળની છબી ... | ૦-૪-૦ |
| સિદ્ધચક્રજીના યંત્રની છબી ... | ૦-૨-૦ |
| ચૌદ રાજલોક પૂજા ... ... | ૦-૧-૦ |
| સમ્યક્ત્વ દર્શન પૂજા... ... | ૦-૧-૦ |
| પંચપ્રતિક્રમણ સૂત્ર, ગુજરાતી ... | ૦-૧૦-૦ |
| ( „ ) શાસ્ત્રી ... | ૦-૧૦-૦ |
| દેવસીરાઇ પ્રતિક્રમણ, ગુજરાતી | ૦-૪-૦ |
| ( „ ) શાસ્ત્રી ... | ૦-૪-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુંદર ફોટાઓ (છબીઓ).

## મુનિમહારાજાઓના દરેક સાઈઝની છબીઓ તથા તીર્થોના રંગીન નકશા અને ફોટા.

તથા કલકત્તાવાળા નથમલ ચાંડાલીયા ફોટોગ્રાફરે હાલમાં એવા વિવિધ રંગોથી તૈયાર કરેલા સુંદર, મનોહર અને આકર્ષક ફોટાઓ બહાર પાડયા છે.

| | | |
|---|---|---|
| શ્રી કેસરીયાજી મહારાજ | ૧૫+૨૦ | ૦–૮–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન ( સમજણ સહિત ) | ,, | ૦–૮–૦ |
| મધુ બિંદુ | ,, ,, | ૦–૬–૦ |
| ષટ્લેશ્યા | ,, ,, | ૦–૬–૦ |
| શ્રી જીનદત્તસુરિજી–( દાદાસાહેબ ) | ,, ,, | ૦–૬–૦ |
| પાવાપુરીતું જીન મંદિર | ૧૨+૨૦ | ૦–૪–૦ |

## પુના ચિત્રશાળા પ્રેસની રંગીન છબીયો.

| | | |
|---|---|---|
| શ્રી ગૌતમસ્વામીજી મહારાજ | ૧૫+૨૦ | ૦-૧૦-૦ |
| શ્રી મહાવીરસ્વામી ભગવાન | ૧૫+૨૦ | ૦–૮–૦ |

**સૂચના**—સિવાય અમારે ત્યાં જૈન ધર્મનાં તમામ ગ્રંથો, જેવા કે--શાહ ભીમશી માણેક મુંબઇ, શાહ મેઘજી હીરજી–મુંબઇ, શ્રી જૈનધર્મ પ્રસારક સભા-જૈન ઓફીસ-ભાવનગર શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ–મુંબઇ, શાહ હીરાલાલ હંસરાજ–જામનગર, સલોત અમૃતલાલ અમરચંદ–પાલીતાણા, શ્રી જૈન સસ્તી વાંચનમાળા–ભાવનગર, નથમલ ચાંડાલીયા ફોટોગ્રાફર–કલકત્તા. વિગેરે પુસ્તકો પ્રકટકર્તાના તમામ પુસ્તકો, તેમજ અન્યના પુસ્તકો, નકશાઓ, અને મુનિરાજ તથા તીર્થોના તેમજ શ્રી તીર્થંકર ભગવાન તથા શ્રીગૌતમસ્વામીના ફોટોગ્રાફ ( છબીયો ) અમારે ત્યાંથી મળશે. નફો જ્ઞાનખાતામાં જાય છે, જેથી મંગાવનારને તે પણ લાભ થાય છે.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# લાઇફ મેમ્બર.

કોઇપણ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે.

એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકશે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકશે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકશે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેંમ્બરાના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગનાં લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે, તેમજ આત્માનંદપ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ મળશે.

# આત્માનંદ પ્રકાશ.

ઉપરોક્ત માસિક સભા તરફથી છત્રીશ વર્ષથી પ્રકટ થાય છે. તેમાં ધાર્મિક, ઐતિહાસિક, સામાજીક અને નૈતિક ઉપરાંત સ્ત્રી કેળવણી અને વિદ્યાર્થી વિભાગ વાંચનના લેખો પણ આવે છે, કે જેથી સ્ત્રી જાતિનું ગૌરવ તેમનું માતા તરીકેનું સ્થાન અને બાળકોને ઉત્તમ સંસ્કાર કેમ આપી શકાય ? તે તથા સમાજની ભાવિ ઉન્નતિમાં સ્ત્રીઓ અને વિદ્યાર્થીઓ કેમ આદર્શ બને તે માટે ઉત્તમ લેખો આપવામાં આવે છે. જેથી વાંચન માટે સમાજની રૂચી વધતા તે માટે અનેક પ્રશંસાના પત્રો આવેલ છે. મંગાવી ખાત્રી કરો !

વાર્ષિક લવાજમ રૂા ૧--૪--૦ વાર્ષિક ભેટનું સુંદર દળદાર પુસ્તક તથા પંચાંગ ભેટ આપવામાં આવે છે.

# પુસ્તક પ્રકાશન ખાતું.

આ સભા તરફથી આજે ત્રીશ વર્ષથી ચાલુ છે. અમારા તરફથી પ્રકટ થતા ગુજરાતી સંસ્કૃત, માગધી, હીંદી વિગેરે પુસ્તકોની સાહિત્યરસીક સાક્ષરો મુક્તકંઠ પ્રશંસા કરે છે, જેથી તેનો લાભ લેવા ન ચુકશો, નફો જ્ઞાનખાતામાં જાય છે. સીરીઝ સિવાયના અન્ય ગ્રંથો પડતા કિંમતે આપવામાં આવે છે. લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તમારૂં નામ અમર કરવું હોય તો

આટલું

# વાંચી નિર્ણય કરી લ્યો.

આ જગતમાં જન્મ ને મરણુ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે. જ્યારે મનુષ્યોને પરમાત્માએ જ્ઞાન અને બુદ્ધિ આપેલ હોવાથી તે પોતાના માટે અનેરો માર્ગ શોધી કાઢે છે. જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો નીચેની યોજના વાંચી, વિચારી આજેજ આપ નિર્ણય કરો. અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી તે અમૂલ્ય લાભ મેળવો.

## યોજના.

જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂ. ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂ. ૧૦૦૦) સુધી આ સભાએ ખરચવા.

૪ અમુક સંખ્યામાં જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ સાધ્વી મહારાજ વગેરેને આ સિરિઝના ગ્રંથો સભાના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે ' સિરિઝવાલાની વતી સભા મારફત ભેટ ' એવી ચીઠ્ઠી છપાવી પુસ્તક ઉપર ચોડી ભેટ મોકલવામાં આવશે.

૭ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથમાળા સીરીઝ છપાય તેમને ભેટ આંપવામાં આવશે.

૮ તે સીરીઝના પ્રથમ અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સિરિઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો; એજ ક્રમ સાચવી સિરિઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા.

૧૦ ગ્રંથમાળાના પ્રથમના એકજ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટુંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણુ પત્રિકા તેમની ઇચ્છાનુસાર ( એકજવાર ) આપવામાં આવશે.

નીચેના પ્રમાણેના મહાશયોના નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઇ ચૂકી છે.

| | |
|---|---|
| ૧ શેઠ આણંદજી પુરૂષોતમદાસ. | ૨ વોરા હઠીચંદ ઝવેરચંદ |
| ૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ | ૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ |
| ૫ વકીલ હરીચંદ નથુભાઇ | ૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા |
| ૭ શેઠ નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણુપુર. | ૮ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ |
| ૯ શાહ મગનલાલ ઓધવજી | ૧૦ શેઠ અમરચંદ હરજીવનદાસ |
| ૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઇ | |

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણુ વિચારી તે રસ્તે ચાલવા પ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો. તેમ ઇચ્છીએ છીએ.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા.—ભાવનગર.

આનંદ પ્રી. પ્રેસ-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સને ૧૯૩૨ ની સાલનો લેડી વિલિંગ્ડન અશક્તાશ્રમ**—સુરતનો રિપોર્ટ અમોને મળ્યો છે. નિરાધાર–અપંગ–અશક્તને પોષવાનું આ એક ઉત્તમ સ્થાન છે. કાર્યવાહકો અનુકંપાબુદ્ધિએ તેમાં સેવા કરી રહ્યા છે. વ્યવસ્થિત કાર્યવાહી, યોગ્ય વહીવટ હોઇને પુણ્ય ઉપાર્જન કરવાનું તે ઉત્તમ સ્થાન બની રહ્યું છે. દરેક મનુષ્યે કોઇ પ્રકારની મદદ આ ખાતાને આપવાની જરૂર છે. હિસાબ ચોખ્ખવટવાળો છે. અમો તેની આબાદી ઇચ્છીયે છીએ.

---

## શ્રી ધર્મપરિક્ષા—( શ્રી જિનમંડનગણિ વિરચિત. )

સોનું જેમ ચાર પ્રકારની પરિક્ષાએ કરી ગ્રહણ થાય છે તેમ કેવા પ્રકારની પરિક્ષા (ગુણો) એ કરીને ધર્મ ગ્રહણ કરવો તે આઠ ગુણોના વિસ્તારપૂર્વક વિવેચન સાથે ઉપદેશક, સુંદર, મનનપૂર્વક વાંચતાં હૃદયને તેવી અસર કરી ધર્મ ગ્રહણ કરવા ઉત્કટ જિજ્ઞાસા થાય તેવી જુદી જુદી દશ કથાઓ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

આત્માના દ્રવ્ય-ભાવરૂપી રોગોને દૂર કરવા માટે રસાયનરૂપ અને જાત્યવંત સુવર્ણની જેમ કર્મરજને દૂર કરી, આત્માને અત્યંત નિર્મળ કરનાર, સદ્ધર્મના પરમ ઉપાસક બનાવી પરમ-પદ–મોક્ષનો અધિકારી બનાવે છે. પંદર ફોર્મ બસેંહ ઉપરાંત પાનાનો ઉંચા એન્ટ્રીક પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુશોભિત બાઇન્ડીંગથી આ ગ્રંથ અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા ૧–૦–૦

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## રાવબહાદુર શેઠશ્રી પુનમચંદ કરમચંદ કોટવાળાનો સ્વર્ગવાસ.

શેઠસાહેબ શ્રી પુનમચંદભાઇ માત્ર થોડા દિવસની બિમારી ભોગવી ગયા અશાડ વદી ૯ ને બુધવારના રોજ ઓગણસાઠ વર્ષની ઉમરે મુંબઇમાં સ્વર્ગવાસ પામ્યા છે. શેઠશ્રી પુનમચંદભાઇ પાટણ શહેરમાં જૈન સમાજના અગ્રગણ્ય, શહેરી અને દેવ, ગુરૂ, ધર્મના પરમ ઉપાસક હતા. પોતાના શહેર પાટણમાં ત્યાંની સમગ્ર પ્રજાની પણ અનેક વખત સેવા કરતા હોવાથી પ્રજાપ્રિય થઇ પડયા હતા. જે દુષ્કાળના પ્રસંગે ગરીબોને હજારો રૂપીયાનું દાન અને ચારૂપ જૈન મંદિરના ઝગડાના પ્રસંગે સિદ્ધ કરી બતાવ્યું છે. વડોદરા ધારાસભાના મેમ્બર હતા અને બ્રીટીશ રાજ્ય પરત્વે વફાદાર હોવાથી રાવબહાદુરનો ખેતાબ સરકાર તરફથી પાંચ વર્ષ પહેલાં મળ્યો હતો.

જૈનધર્મનું સારૂં જ્ઞાન ધરાવતા હોવાસાથે હૃદયના નિખાલસ, મિલનસાર, માયાળુ અને દયાળુ હતા. આ સભા ઉપર સંપૂર્ણ પ્રેમ ધરાવતા હોવાથી ઘણા વર્ષોથી આ સભાના માનવંતા સભાસદ થયા હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી આ સભા પોતાની સંપૂર્ણ દિલગીરી જાહેર કરે છે અને જૈન કોમે તો ખરેખર એક ઉદાર નરરત્ન ગુમાવેલ છે. તેઓશ્રીના બંને સુપત્નીઓ તથા સુપુત્રીને દિલાસો દેવા સાથે તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૮. શ્રાવણ, આત્મ સં. ૩૭. અંક ૧ લો.

## નરી મૂર્ખતા.

"વિદ્યાર્થીઓ, કારકુનો અને બીજાઓ બ્હીકને લીધે ખાદી ન પહેરે તે નરી મૂર્ખતા જ છે. વગર જરૂરની બ્હીક અને વધારે પડતી સાવચેતીથી સીઝરના પોતાના કરતાં વધુ વફાદાર બનવાની ખાતર તમે અત્યાર અગાઉ સર કરેલું ક્ષેત્ર ગુમાવો છો. કોઇ પણ હિંદીએ પોતાના ઉપરીની મહેરબાની મેળવવા ખાતર પણ ખાદીને છોડી દેવી ન ઘટે, અને સરકાર પણ બાયલાઓને માન આપતી નથી. જેમનાથી બની શકે છે તેમની ફરજ દેશી-ઉદ્યોગને ઉત્તેજન આપવાની છે અને ખાદી એ દરેક રીતે ગૃહઉદ્યોગ જ છે."

શ્રી રાજગોપાલાચાર્ય.

For Private And Personal Use Only